RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 222 Dt. 25-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# મોદીનો વિકલ્પ નથી : નીતીશ

## બિહારના વિકાસ માટે કેન્દ્રની મળી રહી છે સતત સહાય અને માર્ગદર્શન : સાંજ પછી લોકો ઘરની બહાર ન નીકળી શકતા તેવી હતી ભૂતકાળની સ્થિતિ





નવીદિલ્હી, તા. ૨૪

આ વખતે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ન માત્ર સ્પષ્ટ કર્યું કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે જ રહેશે, પરંતુ એમ પણ કહ્યું કે હવે દેશમાં ક્યાંય પણ તેમના નેતૃત્વમાં વિકાસ થશે. જનતાને કહ્યું કે તમે બધા જાણી લો કે દરેક તેમની સાથે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ શેર કરતી વખતે તેમણે બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે જનતા પાસેથી સમર્થન પણ માંગ્યું હતું. સીએમ નીતિશ કુમારે કહ્યું કે તેમને પીએમ મોદી તરફથી સતત સમર્થન મળી રહ્યું છે. પીએમ મોદી સમગ્ર દેશ માટે કામ કરી રહ્યા છે. હવે અહીં અને ત્યાં કંઈ નથી. હવે તેમના નેતૃત્વમાં વધુ વિકાસ થશે. અમે સમાજમાં દરેક માટે કામ કરી રહ્યા છીએ.

સીએમ નીતિશ કુમારે કહ્યું કે હું પીએમ મોદીનું સ્વાગત કરું છું. આ ખુશીની વાત છે કે બિહાર સહિત સમગ્ર દેશના ખેડૂતોના ખાતામાં સન્માન નિધિ યોજનાની રકમ મોકલવામાં આવી રહી છે. બિહારના ખેડૂતોના ખાતામાં આજે પૈસા જશે. તમને જણાવી દઈએ કે અમારું ધ્યાન શરૂઆતથી ખેડૂતો પર છે. એગ્રીકલ્ચર રોડ મેપના અમલને કારણે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. આ ઉપરાંત માછલી, દૂધ, માંસ અને ઈંડાના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. બિહાર માછલી ઉત્પાદનમાં આત્મનિર્ભર બન્યું છે. બિહારના વિકાસમાં પીએમ મોદીને ઘણું સમર્થન મળી રહ્યું છે. આ બજેટમાં બિહારને દેશના બજેટમાં મખાના બોર્ડ, ગ્રીનફિલ્ડ વગેરે સહિત અનેક ભેટો મળી છે. આ માટે હું પીએમ મોદીનો આભાર માનું છું.

સીએમ નીતિશ કુમારે કહ્યું કે અમે ૨૪ નવેમ્બર ૨૦૦૫ના રોજ સરકારમાં આવ્યા હતા. લાલુ-રાબડી રાજ પર પ્રહાર કરતા તેમણે યાદ અપાવ્યું કે અમે સરકારમાં આવ્યા પહેલા શું સ્થિતિ હતી! સાંજ પછી લોકો ઘરની બહાર નીકળ્યા ન હતા. હિંદુઓ અને મુસ્લિમો કરતા હતા. મુસ્લિમોના વોટ લેતા હતા અને તેમની તરફ ધ્યાન આપતા નહોતા. રસ્તાઓ નહોતા. વીજળીની શું હાલત હતી? પટનામાં માત્ર આઠ કલાક વીજળી હતી. આ પછી આપણે કેટલું કામ કર્યું! રાજ્યમાં ભયનું વાતાવરણ નથી. હવે બિહારમાં છોકરા-છોકરીઓ ૧૧ વાગ્યા સુધી કામ કરે છે. વીજળી, આરોગ્ય અને શિક્ષણ પર કેટલું કામ થયું. ૨૦૦૫માં રાજ્યનું બજેટ ૨૮ હજાર કરોડ રૂપિયા હતું. અમે સતત કામ કર્યું. હવે બિહારનું બજેટ ૩ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. તેમણે જનતાને કહ્યું કે તમને ખબર હોવી જોઈએ કે બધા પીએમ મોદીની સાથે છે. તેમના નેતૃત્વમાં દેશનો વિકાસ થઈ રહ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા વર્ષોમાં ભારતની કૃષિ નિકાસમાં ઘણો વધારો થયો છે. તેથી ખેડૂતોને તેમના ઉત્પાદનોના ઊંચા ભાવ મળી રહ્યા છે. હવે બિહારના મખાનાનો વારો છે. આજે દેશના શહેરોમાં સવારના નાસ્તાનો મુખ્ય ભાગ મખાના બની ગયો છે. હું ૩૬૫ દિવસમાં ૩૦૦ દિવસ મખાના ખાઉં છું. તે એક સુપરફૂડ છે. તેથી આ વખતના બજેટમાં માખાણા બોર્ડ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. પૂર્વ ભારતમાં ફૂડ પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવામાં બિહાર મહત્વની ભૂમિકા ભજવશે. અહીં ફૂડ પ્રોસેસિંગ સંબંધિત સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે. ભાગલપુર, મુંગેર અને બક્સરમાં કેન્દ્રો સ્થાપવામાં આવશે. તેનાથી કેરી, ટામેટા અને બટાકાના ખેડૂતોને મદદ મળશે.

### NDAએ પરિસ્થિતિ બદલી

લાલુ યાદવ પર નિશાન સાધતા પીએમ મોગીએ કહ્યું, ‘‘પહેલાં ખેડૂતો સંકટથી ઘેરાયેલા હતા, જેઓ પશુઓનો ચારો ખાઈ શકે છે તેઓ આ પરિસ્થિતિને ક્યારેય બદલી શકતા નથી. એનડીએ સરકારે આ પરિસ્થિતિ બદલી છે. છેલ્લા વર્ષોમાં અમે ખેડૂતોને સેંકડો આધુનિક જાતોના બિયારણ આપ્યા છે. અગાઉ ખેડૂતો યુરિયા માટે લાકડીઓનો ઉપયોગ કરતા હતા અને આજે ખેડૂતોના કાળાબજાર થઈ રહ્યા છે.’’

ગીર સાસણની મુલાકાત અને સોમનાથ મહાદેવને શીશ નમાવવા મોદીજી પધારે તેવી સંભાવના

# ૨જી માર્ચે મોદીજી સાસણ સોમનાથની મુલાકાતે

## વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકનું આયોજન વિચારણા હેઠળ હોવાના નિર્દેશ



રાજકોટ,તા.૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ ચુકી છે અને ફરી વખત વડાપ્રધાન મોદી વિવિધ રાજ્યની મુલાકાત લઈ વિકાસ કામોને ખુલ્લા મુકી રહ્યાં છે ત્યારે સૌરાષ્ટ્ર માટે સારા સમાચાર એ છે કે વડાપ્રધાન મોદી ગીર સાસણની મુલાકાત લે અને સોમનાથ મહાદેવને શીશ નમાવે તેવી સંભાવના હાલ વ્યકત થઈ રહી છે. મળતી માહિતી મુજબ અને સુત્રોના જણાવ્યા અનુસાર ૨જી અને ૩જી માર્ચે મોદીજી સાસણ તથા સોમનાથની મુલાકાત લે તેવી પ્રબળ સંભાવનાઓ વ્યકત કરવામાં આવી રહી છે. એટલું જ નહીં વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકનું પણ આયોજન હાલ વિચારણા હેઠળ હોવાના નિર્દેશો થઈ રહ્યાં છે. બીજી તરફ ઈકો ઝોનને લઈને જે જાહેરાત થઈ છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવે તેવી સંભાવના જોવા મળી રહી છે. સુત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન સોમનાથમાં વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી શકે છે. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિત્તે તેઓ ગીર અને સોમનાથની મુલાકાત કરે તેવી પ્રબળ સંભાવનાઓ હાલ વ્યકત કરવામાં આવી રહી છે. એટલું જ નહીં વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકમાં સિંહ સંરક્ષણ માટે નવી યોજનાની પણ જાહેરાત કરવામાં આવી શકે છે ત્યારે કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગનાં તેમજ પાટનગર ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

વડાપ્રધાન મોદીનું જે સ્વપ્ન છે તેને સાકાર કરવા માટે વિવિધ યોજનાઓની અમલવારી કરવામાં આવી છે. પરંતુ તેઓ વન્ય જીવન સૃષ્ટિનાં સંવર્ધન અને ઈકો સિસ્ટમને મજબૂત બનાવવા માટે પણ દરેક સંભવત પ્રયત્નો કરી રહ્યાં છે. કારણ કે તેમની વન્ય જીવન પ્રત્યેની લાગણી અને ભાવ કંઈક અલગ જ છે. પછી તે ગીર-સાસણ હોય કે કાઝીરંગા પાર્ક હોય કે જીમર્કોબેટ પાર્ક હોય આ તમામ વન્ય સૃષ્ટિ માટે ઉભા કરેલા પાર્કને વધુ વિકસીત કરવા તે નેમ સાથે વડાપ્રધાન આગળ વધી રહ્યાં છે એટલું જ નહીં તેમનું માનવું છે કે દેશમાં ગ્રીન કવર પણ એટલું જ વધવું જોઈએ.

# BJPના રાષ્ટ્રીય અધ્યક્ષની વરણી ૨૦મી સુધીમાં

## ભાજપના બંધારણ મુજબ અડધા રાજ્યોમાં ચૂંટણી પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી કરાવી શકાતી નથી

નવીદિલ્હી, તા. ૨૪

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય જનતા પાર્ટીને ૨૦ માર્ચ સુધીમાં તેના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી શકે છે. રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી યોજાવાની છે અને તે રાજ્ય એકમોમાં પાર્ટીની ચૂંટણીઓ પછી થશે. મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી તે અટકડો ચાલી રહી હતી કે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે કારણ કે જે પીડ નો કાર્યકાળ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પૂર્ણ થઈ ચૂક્યો છે પરંતુ દિલ્હીમાં ચૂંટણી હોવાના કારણે તે કાર્ય શક્ય બની શક્યું ન હતું ત્યારે મળતી માહિતી મુજબ ૩૦ માર્ચ સુધીમાં ભાજપ નવા રાષ્ટ્રીય અધ્યક્ષની નિમણૂક કરશે તેવી વાત હાલ ચાલી રહી છે. રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી થવાની છે અને તે જાન્યુઆરીમાં પૂર્ણ થવી જોઈતી હતી. જો કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ અને બાકી રહેલી રાજ્ય એકમની ચૂંટણીએ જેપી નડ્ડાના અનુગામીની ચૂંટણીમાં વિલંબ કર્યો. ભાજપના બંધારણ મુજબ અડધા રાજ્યોમાં ચૂંટણી પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી કરાવી શકાતી નથી. અત્યાર સુધીમાં ભાજપે ૨૮ માંથી ૧૨ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચૂંટણી પૂર્ણ કરી છે. માપદંડોને પૂર્ણ કરવા માટે ભાજપ આગામી સપ્તાહમાં છ રાજ્યોમાં ચૂંટણી યોજે તેવી શક્યતા છે.

જેપી નડ્ડાને સૌપ્રથમ ૧૭ જૂન ૨૦૧૯ના રોજ પાર્ટીના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સામેલ કરવામાં આવ્યા હતા અને તેઓ ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ સુધી આ પદ પર રહ્યા હતા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ, તેઓ પક્ષના ૧૧મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા અને ત્યારથી તેઓ આ પદ સંભાળી રહ્યા છે. અટલ બિહારી વાજપેયી ૧૯૮૦ થી ૧૯૮૬ સુધી ભાજપના પ્રથમ અધ્યક્ષ હતા. લાલકૃષ્ણ અડવાણી આ પદ પર અનેક ટર્મ સુધી રહ્યા.

# ગાંધીધામમાં GST ઈન્ટેલિજન્સનો સપાટો

# પાંચ કરોડની કર ચોરી

## ટિમ્બરનો વેપાર કરતી પાંચ પેઢી પર અમદાવાદ ઈન્ટેલિજન્સની ટીમ ત્રાટકી વિદેશથી માલ મંગાવી વગર બિલે પેઢી ધારકો માલનું કરતા વેચાણ

રાજકોટ, તા. ૨૪

છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગની સાથોસાથ જીએસટી વિભાગ દ્વારા પણ સક્રિય કામગીરી કરવામાં આવી રહી છે જેમાં વિભાગ દ્વારા એ વાતની ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવી છે કે હાલ લોકો એટલે કે વેપારીઓ આવક મેળવવાની લાયમાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી કરતા હોય છે ત્યારે જીએસટી વિભાગ કે પછી અન્ય વિભાગ દ્વારા તેમના પર આકરા પગલા લેવામાં આવે છે અને જે કરચોરી કરવામાં આવતી હોય તેને પણ પકડી પાડવામાં આવે છે.

માર્ચ મહિનો નજીક હોવાના કારણે અત્યારે સૌથી મોટી વાત અને તકલીફ જો કોઈ વિભાગ માટેની હોય તો તે આપવામાં આવેલા ટાર્ગેટ ની પૂર્તિનો છે ત્યારે આવકવેરા વિભાગ દ્વારા વ્યાપક પ્રમાણમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે તો સામે જીએસટી વિભાગ દ્વારા પણ એ જ સ્થિતિ ઊભી થઈ છે.

મળતી માહિતી મુજબ કચ્છના ગાંધીધામમાં આવેલી ટિમ્બરની પાંચ પેઢી પર અમદાવાદ જીએસટી ઈન્ટેલિજન્સ ની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને ૩૭ કરોડની જીએસટી ચોરીનું કૌભાંડ પણ બહાર લાવવામાં આવ્યું હતું. કારણકે સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તે મુજબ સ્થાનિક જીએસટી વિભાગ ને ધ્યાને લેવામાં આવ્યું ન હતું અને માત્ર અમદાવાદની મુખ્ય ટીમ દ્વારા જ દરોડા પાડવામાં આવતા જ અન્ય ક્ષેત્રના વેપારીઓમાં પણ ફફડાટ મચી જવા પામ્યો હતો. ગાંધીધામ સંકુલમાં આવેલી પાંચ જાણીતી ટીમ્બર પેઢીમાં અમદાવાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલોજન્સ (ડીજીજીઆઇ) એ દરોડા પાડીને ૩૭ કરોડના જીએસટી ચોરીના કૌભાંડનો, સ્થાનિક જીએસટી કચેરીને અંધારામાં રાખીને પર્દાફાશ કરતાં ટેક્સચોરોમાં ફફડાટ ફેલાયો છે.

અમદાવાદ ડીજીજીઆઇની ટુકડીએ પાંચ પેઢીઓ વિદેશથી લાકડાં આયાત કરી તેનું બિલ વગર રોકડમાં વેચાણ કરાતું હોવા અંગેની પૂર્વ બાતમીના આધારે સર્ચ અને દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ ૩૭ કરોડની જીએસટી ચોરી મળી આવી હતી તેમજ એક પેઢીના માલિકના ઘરમાંથી ૪૩ કરોડની સંભવિત બેનામી રોકડ રકમ પણ મળી આવી હતી.

માત્ર રોકડ અને જીએસટી ચોરી જ નહીં અન્ય વસ્તુ કે જે તપાસમાં ઉપયોગી થઈ શકે તેને પણ સીઝ કરવામાં આવ્યું છે જે અંગે હવે વધુ તપાસ હાથ ધરવામાં આવશે બીજી તરફ તજજ્ઞો અને સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે આ પાંચ પેઢીનું અન્ય કઈ પેઢી સાથે કનેક્શન હતું અને તે મુજબની કામગીરી હવે ભવિષ્યમાં કરવામાં આવે તો પણ નવાઈ નહીં.

સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાના આ પ્રકરણમાં ૩૭ કરોડની જીએસટીની ચોરી બહાર આવ્યા બાદ અમદાવાદ ડીજીજીઆઇએ પેઢીના સંચાલકોના મોબાઇલ, લેપટોપના ડીજીટલ ડેટા નેશનલ ફોરેન્સિક સાયન્સમાં વધુ ચકાસણી અર્થે મોકલાવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

બાકી રહેતા એક મહિનાના સમયગાળામાં હજુ પણ જીએસટી અને આવકવેરા વિભાગ અન્ય પેઢીઓ પર ત્રાટ કે અને જીએસટી ચોરી બહાર લાવે તેવું સામે આવી રહ્યું છે. માટે હાલ બંને સેન્ટ્રલ એજન્સી દ્વારા નક્કર પગલાઓ લેવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં વિદેશથી લાકડા મંગાવી તે લાકડાને સ્થાનિક બજારમાં વગર બિલ પર વેચવાનું કૌભાંડ પેઢી ધારકો દ્વારા આચરવામાં આવતું હોવાનું માલુમ પડ્યું છે.



જર જમીન ને જોરૂ કજીયાના છોરૂ...કહેવત વધુ એક વખત સાચી ઠરીઃ હત્યાની બે ઘટના

# રૂપિયાના ડખ્ખામાં બે યુવાનની લોથ ઢળી

## એક યુવાનને લેતીદેતી મામલે વાત કરવા બોલાવી ત્રણ શખ્સોએ રહેંસી નાંખ્યોઃ બીજા બનાવમાં ત્રિએ જ મિત્રને પૈસાના ડખ્ખામાં પતાવી દીધો



રાજકોટઃ નાની મોટી વાતે મારામારી, અપહરણ, હત્યા સહિતના ઘટનાઓ બનતી રહી છે. દરમિયાન પૈસા મામલે હત્યાની બે ઘટના સામે આવી છે જેમાં એક બનાવમાં યુવાનની હત્યા પૈસા માટે થઈને તેના જ મિત્રોએ કરી હતી. બીજા બનાવમાં પણ યુવાનને ત્રણ શખ્સોએ છરીના ઘા મારી પતાવી દીધો હતો. આ બનાવમાં ઝપાજપી વખતે એક આરોપીને પણ ઈજા પહોંચી હતી. પૈસા માટે લોહીયાળ ઘટના બનતી રહે છે તેમાં આ વધુ બે બનાવ ઉમરાઇ ગયા છે.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના ડભોઈના પૂડા ગામની સીમમાં ખેતરમાં જવાના રસ્તા ઉપર એક યુવકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવમાં ડભોઈ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં પૈસાની લેતી દેતી બાબતે મિત્રોએ જ હત્યા કરી હોવાનું સામે આવતાં તાત્કાલિક પોલીસે હત્યા કરનાર મિત્રોની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. આ બનાવમાં હત્યા કરનાર કોણ છે તે દિશામાં તપાસ કરતા પોલીસે મૃતક યુવકની પત્ની અને ગ્રામજનો સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે, આ યુવક તેઓના મિત્ર સાથે રાત્રે ગયો હતો અને તેને પત્નિને કોલ ન કરવા કહ્યું હતું. આ મામલે વડોદરા ગ્રામ્ય એલસીબી અને પોલીસની ટીમ દ્વારા હ્યુમન અને ટેકનિકલ સોર્સ આધારે તેના મિત્રોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને ગણતરીના કલાકોમાં હત્યા કરનારાઓને ઝડપી પાડ્યા હતા.

હત્યારા મિત્રને કરજણ રેલવે સ્ટેશન પાસેથી ઝડપી લઈ પૂછપરછ કરતા હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. આ અંગે ડિવાયએસીપી આકાશ પટેલે જણાવ્યું હતું કે, ડભોઈ પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. જેમાં હસમુખભાઈ ભાવિનભાઈ ચૌહાણની હત્યા કરવામાં આવી હતી. મૃતક યુવક પત્નિને સાતથી આઠ વાગ્યાના સમયમાં કહીને નીકળ્યો હતો કે, હું આવું છું મને કોલ ન કરતા. ઘણો સમય વિતી ગયા પછી પણ પરત ન ફરતા તેઓનો કોલ બંધ આવ્યો હતો અને શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તે ન મળતા આખરે સવારે તેઓના ખેતર પાસેથી લાશ મળી આવી હતી. આ બાબતે તપાસ કરતા તેઓના મિત્ર મિતેશ વસાવા સાથે સંપર્કમાં હતા અને સાથે નોકરી કરતા હતા. બંને વચ્ચે પૈસાની લેવડદેવડ બાબતે આ મિત્રોએ અન્ય મિત્રની મદદ લઈ હત્યા કરી નાખી હોવાનો પર્દાફાશ થયો હતો.

હત્યાની બીજી ઘટના ભુજમાં બની છે. શહેરના કેમ્પ એરીયામાં આવેલા રાજેન્દ્રનગરમાં મોડી રાત્રે રૂપિયાની લેતીદેતી મામલે થયેલી બબાલ લોહિયાળ સાબિત થઈ હતી. સામસામે બોલાચાલી બાદ મામલો ગરમાતા યુવાનને છાતીના ભાગે છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો અને આરોપીને પણ ઈજા પહોચતા સારવાર તળે ખસેડવામાં આવ્યો છે.


વધુ માહિતી અનુસાર જાવેદ અબ્દુલ્લા બકાલીએ ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે આરોપી આવેશ ફારૂક તુરીયા વિરુદ્ધ ગુનો નોધાવ્યો છે. ફરિયાદીના જણાવ્યા મુજબ શુક્રવારે રાત્રે અગિયાર વાગ્યાના અરસામાંપોતે ઘરે હતા.એ દરમિયાન તેમનો ભાઈ જાકબ આવ્યો હતો અને રૂપિયાની લેતીદેતી મામલે આરોપી સાથે ઝઘડો થયો હોવાનું કહ્યું હતું.

ત્યાર બાદ ફરિયાદીના ભાઈએ ઘરેથી ધારીયો લીધો હતો અને ફરિયાદી સાથે આરોપીના ઘર તરફ ગયા હતા.ત્યારે આરોપી પણ ઘરની બહાર હતો અને તેણે ફરિયાદીના ભાઈ પાસે રૂપિયાની માંગણી કરી હતી.ત્યારે મૃતક યુવાને પોતાની પાસે રૂપિયા ન હોવાનું કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ભૂંડી ગાળો બોલતો હતો. જેથી ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ પોતાની પાસે રહેલી છરીથી ફરિયાદીના ભાઈ પર હુમલો કરી દીધો હતો.અને છાતીના ભાગે ઘા માર્યો હતો.એ દરમિયાન મૃતક યુવાને પણ આરોપીને પગના ભાગે ધારીયો માર્યો હતો.જે બાદ આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો. ફરિયાદી પોતાના ભાઈને જી.કે.જનરલ હોસ્પિટલ લઇ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

સમગ્ર મામલે પોલીસ ઇન્સ્પેક્ટર જે.કે.મોરી સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે હાલ આરોપી પણ ઈજાગ્રસ્ત હોવાથી તેની સારવાર ચાલી રહી છે. જે બાદ તેની અટકાયત કરવામાં આવશે અને સામા પક્ષે પણ ફરિયાદ દાખલ થશે. આમ પૈસાની લેતીદેતી બે સ્થળે લોહીયાળ બની હતી અને બે યુવાનનો ભોગ લેવાઈ ગયો હતો.

# આજે નિતા અંબાણી કુંભમાં કરશે અમૃત સ્નાન

## સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરાઈ ઉભી : તમામ તૈયારીઓને અપાયો આખરી ઓપ



રાજકોટ,તા.૨૪

મહાકુંભ હાલ અંતિમ ચરણમાં છે ત્યારે દેશ-વિદેશના ખ્યાતનામ અને પ્રતિષ્ઠિત લોકો કુંભની મુલાકાતે આવી રહ્યાં છે અને અમૃત સ્નાન કરી ધન્યતા અનુભવે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને એશિયાના ઢનાઢય એવા મુકેશ અંબાણી અને તેમના પરિવારે પણ મહાકુંભમાં અમૃત સ્નાન કર્યુ હતું. જેમાં મુકેશ અંબાણી સાથે તેમના બે પુત્રો અને પુત્ર વધુઓ તેમની બહેનો અને તેમના માતા ખાસ હાજર રહ્યાં હતાં ત્યારે આજે નીતા અંબાણી પણ અમૃત સ્નાન કરવા મહાકુંભ પહોંચી રહ્યાં છે જે માટે તેમના સ્ટાફ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, નીતા અંબાણી પ્રયાગરાજના અરેલ ઘાટ પહોંચશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે.

આ દરમિયાન સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ પૂર્વે મુકેશ અંબાણી જ્યારે તેમના પરિવાર સાથે અમૃત સ્નાન કરવા પ્રયાગરાજ પહોંચ્યા ત્યારે નીતા અંબાણીના માતા પૂનમ દલાલ અને તેમના ભાભી મમતા દલાલ પણ પરિવાર સાથે અમૃત સ્નાનનો લાભ લીધો હતો. અંબાણી પરિવાર મહાકુંભમાં આવતાં યાત્રાળુઓની સેવા કરવાનો પણ સંકલ્પ લીધો છે અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સી.એસ.આર. શાખા રિલાયન્સ ફાઉન્ડેશન મહાકુંભમાં તિર્થ યાત્રિ સેવા પહેલ પણ શરૂ કરી છે. જ્યાં આવનાર તમામ યાત્રાળુઓને સલામતી અને નિઃશુલ્ક ભોજની સાથોસાથ આરોગ્ય સહાય તથા પરિવહન સેવા આપવામાં આવી રહ્યું છે.

# મનપામાં કોર્ટ સર્ટી આપવાથી લગ્ન નોંધણી થઈ શકશે

## લગ્ન સર્ટિફિકેટ માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં લાગતી હતી લાંબી લાઈનો આવ્યો નિયમ બદલાવવામાં

રાજકોટ, તા. ૨૪

લગ્ન સર્ટિફિકેટ માટે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ખાતે ખૂબ લાંબી લાઈનો લાગતી હોય છે એટલું જ નહીં અપૂરતા સ્ટાફના કારણે જે સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે તેને ધ્યાને લઈને ઘણી ખરી વખત રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી હતી ત્યારે હવે સારા સમાચાર એ આવ્યા છે કે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ખાતે લગ્ન સર્ટિફિકેટ કઢાવવા માટે જે હેરાનગતિ થતી હતી તે હવે નહીં થાય કારણ કે કોર્ટનું સર્ટિફિકેટ જો આપવામાં આવશે તો લગ્ન નોંધણી થઈ શકશે. યુગલોને લગ્ન નોંધણી સર્ટિ જોઈતુ હોય ત્યારે સપ્તપદિના ફેરા ફરવા ફરજિયાત છે તેવું લોકો માનતા હતા જેના લીધે અનેક કોર્ટ મેરેજ કરેલા યુગલોએ આ બાબતે પુછપરછ કરેલ અને હેરાન થતાં હતાં જેથી આરોગ્ય વિભાગે આજે આ મુદ્દે વિગત આપી જણાવેલ કે, કોર્ટ મેરેજ કરેલા તમામ યુગલો હવે ફેરા ફર્યા વગર જ મેરેજ સર્ટિફિકેટ મેળવી શકશે જેના માટે અમુક નિયમોની અમલવારી ફરજિયાત કરવાની રહેશે. સમાજના અનેક યુગલો કોર્ટ મેરેજ કરી પોતાનો જીવન સંસાર શરૂ કરતા હોય છે.

તેવી જ રીતે માતા-પિતાની સંમતિ વગર લગ્ન કરવાના થાય ત્યારે કોર્ટમાં લગ્ન કરી તેનું સર્ટી મેળવતા હોય છે. જે સરકાર દ્વારા અને પોલીસ વિભાગ દ્વારા પણ માન્ય રાખવામાં આવે છે. પરંતુ અમુક સરકારી નિયમોમાં મેરેજ સર્ટી ફરજિયાત રજૂ કરવાનું હોવાથી લવમેરેજ અને કોર્ટ મેરેજ કરનાર યુગલોએ ફરજિયાત સપ્તપદિના ફેરા ફરવા પડે છે. અનેક કોર્ટ મેરેજ કરેલા યુગલો સમુહ લગ્ન અથવા ગાંધર્વ વિવાહ કરી મેરેજ સર્ટિ માટે અરજી કરતા હોય છે.

જેના લીધે આ પ્રકારના યુગલો દ્વારા મનપાના લગ્ન નોંધણી વિભાગમાં આ બાબતે પુછપરછ કરવામાં આવતી હતી. અને આ યુગલો હેરાન થતાં હતાં. તેથી આરોગ્ય વિભાગ દ્વારા હવે લગ્ન નોંધણી સર્ટી માટે કોર્ટનું સર્ટી માન્ય રહેશે તેમ જણાવ્યું છે અને સાથો સાથ લગ્ન નોંધણી સર્ટી માટે રજૂ કરવાના થતાં વર કન્યા તેમજ તેમના પરિવાર સહિતના પુરાવાઓ ફરજિયાત રજૂ કરવાના રહેશે તેમજ કોર્ટ મેરેજ વખતે યુગલે રજૂ કરેલ ફુલહાર સાથેનો ફોટો ફરજિયાત રજૂ કરવાનો રહેશે જ્યારે ગોરઅદાના ડોક્યુમેન્ટ, લગ્ન કંકોત્રી તેમજ લગ્નના ફોટાઓમાંથી મુક્તિ મળશે અને આ તમામ પુરાવાઓ રજૂ કર્યા બાદ કોર્ટમાં લગ્ન કરનાર કોઈપણ યુગલ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાંથી મેરેજ સર્ટી નિયત કરેલ ફી ભરી મેળવી શકશે તેમ જણાવ્યું છે.



શેર બજારમાં રોકાણના નામે છેતરી લેવાના બનાવો અટકતા જ નથી

# સો.મીડિયામાં મળેલી ટીપ્સથી મહિલાએ ગુમાવ્યા ૩૨ લાખ!

## બીજા એક કિસ્સામાં પચ્ચીસ મિનીટમાં ૩૫૦૦ રૂપિયા કમાઇ લેવાની લાલચમાં વેપારીએ ૮૨ હજાર ગુમાવ્યા

રાજકોટઃ શેર બજારમાં રોકાણના નામે છેતરી લેવાના બનાવો અટકતા જ નથી. સોશિયલ મિડીયામાં મળેલી એક ટીપ્સને આધારે મહિલાએ રોકાણ કરતાં બત્રીસ લાખ ગુમાવી દીધા હતાં. તેણીએ રોકાણ કર્યા પછી તેના એકાઉન્ટમાં આરંભે અધધધ સાત કરોડ એંસી લાખનો નફો બતાવવા માંડ્યો હતો. આથી મહિલા રાજી રાજી થઇ ગયા હતાં. પરંતુ આ રકમ વિડ્રો કરવા ટાણે છેતરાઇ ગયાની ખબર પડી હતી. બીજા એક કિસ્સામાં પચ્ચીસ મિનીટમાં ૩૫૦૦ રૂપિયા કમાઇ લેવાની લાલચમાં વેપારીએ બ્યાંસી હજાર ગુમાવી દીધા હતાં! લાલચ માણસને લઇ ડુબે છે આ વાત વધુ આ બે કિસ્સામાં સાબિત થઇ છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં મુજમહુડાની મહિલાને સોશિયલ મિડીયા ગ્રૂપમાં એડ કરી હતી પછી તેને શેર બજારમાં રોકાણ કરવા લલચાવી હતી અને રોકાણ સામે ૭.૮૦ કરોડ નફો બતાવી છેતરી લીધી હતી. ઉચ્ચ શિક્ષિત અને બેંકમાં ફરજ બજાવી ચૂકેલી મહિલાએ શેર બજારમાં રોકાણ કરી મોટા નફાની લાલચે ૩૨.૭૦ લાખ ગુમાવ્યા છે. સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈ મહિલા ભેજાબાજોની ચુંગાલમાં ફસાઈ અને ઠગાઈનો ભોગ બની હતી. સાઇબર ક્રાઈમ પોલીસ મથકે આ અંગે ફરિયાદ દાખલ થઇ છે. અગાઉ ખાનગી બેંકમાં ફરજ બજાવતી અને મુજમહુડાની અક્ષર રેસિડેન્સીમાં રહેતી મૂળ છત્તીસગઢની મહિલાએ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, મારા પતિ ફાર્મા કંપનીમાં ફરજ બજાવે છે અને હું ઘરકામ કરું છું. હું મોબાઈલમાં સોશિયલ મીડિયા જોતી હતી ત્યારે એક જાહેરાત આવી હતી, જેમાં સ્ટોક માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ ટિપ્સ માટે ક્લિક કરો એવું લખ્યું હતું. તેણીએ આગળ જણાવ્યું હતું કે આ ટિપ્સ પર ક્લિક કરતાં સોશિયલ મીડિયા પર એપોલો એકેડેમી ગ્રૂપ ખૂલ્યું હતું. જેમાં ઘણા મેમ્બર જોડાયેલા હતા અને આ નંબર પરથી રોજ સ્ટોક માર્કેટની ટિપ્સ અપાતી હતી. તે પછી મને બીજા ગ્રૂપ એપોલોજી સર્વિસમાં એડ કરી હતી. ગઠિયાઓએ મારો સંપર્ક કરી એપોલો એપ ડાઉનલોડ કરાવી હતી. જેમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ મારા આધારકાર્ડથી કેવાયસી કરવા કહ્યું હતું, જે પૂર્ણ કરતાં એપ્લિકેશનમાં રિયલ ટાઈમ સ્ટોક માર્કેટના ભાવ બતાવતા હતા. આ એપમાં પ્રોફિટ કોન્સન્ટમાં જઈ રોજ વોટિંગ કરવાનું હતું અને જેના બદલામાં અઠવાડિયામાં ૫ હજાર મળશે એમ જણાવ્યું હતું. ત્યારબાદ મને શેરબજારમાં રોકાણ કરવા લલચાવી હતી અને એકાઉન્ટમાં સારો નફો દર્શાવતો હતો. તે પછી મેં ૩૩.૫૦ લાખ જમા કરાવ્યા હતા, જેની સામે ૭.૮૦ કરોડ નફો બતાવતો હતો. આ રકમ ઉપાડવા જતાં માત્ર ૮૦ હજાર ઉપાડી શકાયા હતા અને બાકીની રકમ ઉપાડવા જતાં રૂપિયાની માગ કરી હતી. મને શંકા જતાં મેં વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. અગાઉ ખાનગી બેંકમાં ફરજ બજાવતી મહિલા હાલ ઘરકામ કરે છે અને તેમના પતિ ફાર્મા કંપનીમાં ફરજ બજાવે છે. જેથી એપોલો કંપનીમાં રોકાણ કરાતું હોવાનું મહિલા સમજતી હતી. ભેજાબાજોએ પણ એપોલો કંપની જેવું જ નામ ધરાવતી એપ બનાવી હોવાથી મહિલાએ ૩૩ લાખ જેટલી રકમનું રોકાણ કર્યું હતું અને છેતરપિંડીનો ભોગ બની હતી. રાજકોટઃ શેર બજારમાં રોકાણના નામે છેતરી લેવાના બનાવો અટકતા જ નથી. સોશિયલ મિડીયામાં મળેલી એક ટીપ્સને આધારે મહિલાએ રોકાણ કરતાં બત્રીસ લાખ ગુમાવી દીધા હતાં. તેણીએ રોકાણ કર્યા પછી તેના એકાઉન્ટમાં આરંભે અધધધ સાત કરોડ એંસી લાખનો નફો બતાવવા માંડ્યો હતો. આથી મહિલા રાજી રાજી થઇ ગયા હતાં. પરંતુ આ રકમ વિડ્રો કરવા ટાણે છેતરાઇ ગયાની ખબર પડી હતી. બીજા એક કિસ્સામાં પચ્ચીસ મિનીટમાં ૩૫૦૦ રૂપિયા કમાઇ લેવાની લાલચમાં વેપારીએ બ્યાંસી હજાર ગુમાવી દીધા હતાં! લાલચ માણસને લઇ ડુબે છે આ વાત વધુ આ બે કિસ્સામાં સાબિત થઇ છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં મુજમહુડાની મહિલાને સોશિયલ મિડીયા ગ્રૂપમાં એડ કરી હતી પછી તેને શેર બજારમાં રોકાણ કરવા લલચાવી હતી અને રોકાણ સામે ૭.૮૦ કરોડ નફો બતાવી છેતરી લીધી હતી. ઉચ્ચ શિક્ષિત અને બેંકમાં ફરજ બજાવી ચૂકેલી મહિલાએ શેર બજારમાં રોકાણ કરી મોટા નફાની લાલચે ૩૨.૭૦ લાખ ગુમાવ્યા છે. સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈ મહિલા ભેજાબાજોની ચુંગાલમાં ફસાઈ અને ઠગાઈનો ભોગ બની હતી. સાઇબર ક્રાઈમ પોલીસ મથકે આ અંગે ફરિયાદ દાખલ થઇ છે. અગાઉ ખાનગી બેંકમાં ફરજ બજાવતી અને મુજમહુડાની અક્ષર રેસિડેન્સીમાં રહેતી મૂળ છત્તીસગઢની મહિલાએ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, મારા પતિ ફાર્મા કંપનીમાં ફરજ બજાવે છે અને હું ઘરકામ કરું છું. હું મોબાઈલમાં સોશિયલ મીડિયા જોતી હતી ત્યારે એક જાહેરાત આવી હતી, જેમાં સ્ટોક માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ ટિપ્સ માટે ક્લિક કરો એવું લખ્યું હતું.

તેણીએ આગળ જણાવ્યું હતું કે આ ટિપ્સ પર ક્લિક કરતાં સોશિયલ મીડિયા પર એપોલો એકેડેમી ગ્રૂપ ખૂલ્યું હતું. જેમાં ઘણા મેમ્બર જોડાયેલા હતા અને આ નંબર પરથી રોજ સ્ટોક માર્કેટની ટિપ્સ અપાતી હતી. તે પછી મને બીજા ગ્રૂપ એપોલોજી સર્વિસમાં એડ કરી હતી. ગઠિયાઓએ મારો સંપર્ક કરી એપોલો એપ ડાઉનલોડ કરાવી હતી. જેમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ મારા આધારકાર્ડથી કેવાયસી કરવા કહ્યું હતું, જે પૂર્ણ કરતાં એપ્લિકેશનમાં રિયલ ટાઈમ સ્ટોક માર્કેટના ભાવ બતાવતા હતા.

આ એપમાં પ્રોફિટ કોન્સન્ટમાં જઈ રોજ વોટિંગ કરવાનું હતું અને જેના બદલામાં અઠવાડિયામાં ૫ હજાર મળશે એમ જણાવ્યું હતું. ત્યારબાદ મને શેરબજારમાં રોકાણ કરવા લલચાવી હતી અને એકાઉન્ટમાં સારો નફો દર્શાવતો હતો. તે પછી મેં ૩૩.૫૦ લાખ જમા કરાવ્યા હતા, જેની સામે ૭.૮૦ કરોડ નફો બતાવતો હતો. આ રકમ ઉપાડવા જતાં માત્ર ૮૦ હજાર ઉપાડી શકાયા હતા અને બાકીની રકમ ઉપાડવા જતાં રૂપિયાની માગ કરી હતી. મને શંકા જતાં મેં વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. અગાઉ ખાનગી બેંકમાં ફરજ બજાવતી મહિલા હાલ ઘરકામ કરે છે અને તેમના પતિ ફાર્મા કંપનીમાં ફરજ બજાવે છે. જેથી એપોલો કંપનીમાં રોકાણ કરાતું હોવાનું મહિલા સમજતી હતી. ભેજાબાજોએ પણ એપોલો કંપની જેવું જ નામ ધરાવતી એપ બનાવી હોવાથી મહિલાએ ૩૩ લાખ જેટલી રકમનું રોકાણ કર્યું હતું અને છેતરપિંડીનો ભોગ બની હતી. બીજા બનાવમાં અમરેલી જિલ્લામા ઓનલાઇન ફ્રોડની ઘટનાઓ વધી રહી છે. સાયબર પોલીસ દ્વારા પણ જનજાગૃતિ માટે અનેકવિધ પ્રયાસો કરવામા આવી રહ્યાં છે. જો કે તેમ છતા લોકો ભોળવાઇ રહ્યાં છે. ત્યારે સાવરકુંડલામા શાકભાજીના એક વેપારીને અજાણ્યા શખ્સે ફોન પર તમે ઘરે બેઠા દિવસમા પચ્ચીસ મિનીટમા પાંત્રીસો રૂપિયા કમાઇ શકશો કહી લાલચ આપી ૮૨ હજાર પડાવી લીધા હતા. આકાશભાઇ હરેશભાઇ ડાભી નામના ઓગણત્રીસ વર્ષના યુવકે સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેઓ આસપોલાવ સોસાયટીમા રહે છે અને શાકભાજીનો વેપાર કરે છે.આ યુવાનને તેના મોબાઇલ પર અજાણ્યા શખ્સે ફોન કર્યો હતો અને પોતે ટાટા હાઉસીંગ ડેવલોપમેન્ટ કંપની તરીકેની ખોટી ઓળખ આપી હતી. તે ઓનલાઇન પ્રમોટેડનુ કામ કરવા માટે માત્ર પ્રોપર્ટી રીવ્યુ કરી દેવાનુ કહી તમે ઘરે બેઠા દિવસમા ૨૫ મિનીટમા રૂપિયા ૩૫૦૦ સુધી કમાઇ શકશો તેમ જણાવી ખોટી લાલચ આપી હતી. બાદમા આ શખ્સ અલગ અલગ તારીખે ઓનલાઇન મારફત જુદીજુદી રકમના ટ્રાન્ઝેકશન કરાવડાવી રૂપિયા ૮૨૩૨૧ની ઠગાઇ કરી હતી. યુવાને પોલીસને જાણ કરતાં તપાસ શરૂ થઇ છે. આમ કમાણીની લાલચ આપી લોકોને છેતરવાના કિસ્સા સતત યથાવત રહ્યા છે. લોકોની લાલચ પણ આ પ્રકારની ઠગાઇ પાછળ જવાબદાર હોય છે.

### નાના મોટા કારણોસર થાકી હારી જતો માણસ અપનાવી લેતો હોય છે ટૂંકો રસ્તો

# યુવાને અકળ કારણે ને મહિલાએ પૈસાના મામલે આપ્યો જીવ

## ઓગણીસ વર્ષના યુવાને એંગલમાં લટકીને મોત મેળવ્યું: મહિલાને પતિએ પુછ્યા વગર ઘરમાંથી પૈસા લઇ લીધા તે ન ગમતાં ઝેર પી દુનિયા છોડી






**જુદા જુદા કારણોસર આપઘાતના પ્રયાસની ચાર ઘટના: બેકારી, ગૃહકલેશ જેવા કારણો જવાબદાર**

રાજકોટ: આત્મહત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેમાં વધુ બે બનાવ ઉમેરાયા છે. તો આત્મહત્યાના પ્રયાસની ચાર ઘટનાઓ પણ બની છે. વાવડીમાં એક વીસ ઓગણીસ વર્ષના યુવાને જિંદગીથી છેડો ફાડી લીધો હતો. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તેનું કારણ બહાર ન આવતાં પોલીસેત પાસ યથાવત રાખી હતી. બીજી એક ઘટનામાં એક પરિણીતાએ મોત મેળવી લીધુ હતું. પતિએ તેણીને પુછ્યા વગર પૈસા લઇ લીધા હોઇ આ કારણે શરૂ થયેલી ચડભડ આત્મહત્યાનું કારણ બની ગઇ હતી. અન્ય ઘટનાઓમા અલગ અલગ કારણોસર મરી જવાના પ્રયાસ થયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલ રોડ પર વાવડીમાં ફાલ્કન પંપવાળી શેરીમાં આવેલા ખોડલ ટ્રેડર્સ નામના કારખાનામાં બીજા માળે યુવાને આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારનું નામ વિજય દયારામભાઇ કશ્યપ હોવાનું અને તેની ઉમર ઓગણીસ વર્ષ હોવાનું ખુલતાં પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર વિજય પાંચ ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તે કેટલાક સમયથી અહિ રહી કારખાનામાં મજૂરી કરતો હતો. તેના પિતા વતનમાં ખેત મજુરી કરે છે. મુળ ઉત્તરપ્રદેશનો આ યુવાન સવારે રૂમમાંથી નીચે ન આવતાં તેનો સાથી કર્મચારી તપાસ કરવા જતાં તે લટકતો મળતાં શેઠને જાણ કરી હતી. વિજયએ એંગલમાં દોરડુ બાંધી દેહ લટકાવી દઇ દુનિયા છોડી દીધી હતી. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. આત્મહત્યાની બીજી ઘટના પર નજર કરીએ તો જુનાગઢના ભેંસાણ તાબેના ભાટ ગામે રહેતી ઓગણચાલીસ વર્ષના શોભનાબેન મુકેશભાઇ ગુજરાતીએ ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન આજે સવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. શોભનાબેને ગત બીજી ફેબ્રુઆરીના સવારે સાડા નવેક વાગ્યે ઘરે ઝેરી દવા પી લેતાં જુનાગઢ અને બાદમાં રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી સિવિલમાં દાખલ કરાયેલ. અહિ આજે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ ભેંસાણ પોલીસને જાણ કરી હતી. પરિવારજનોએ જણાવ્યા અનુસાર આપઘાત કરનાર શોભનાબેનના પતિ મુકેશભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે પુત્ર છે જે મા વિહોણા થઇ ગયા છે. પતિ મુકેશભાઇએ કહ્યુ હતું કે મેં ઘરમાં ત્રીસ હજારની રોકડ આપી હતી. એ પછી મારે ઇકો ગાડીનો હપ્તો ભરવા પૈસાની જરૂર હોઇ પત્નિને પુછ્યા વગર આ રકમમાંથી છએક હજાર લઇ લીધા હતાં. આ બાબતે અમારા બંને વચ્ચે બોલાચાલી થયા બાદ તેણીને માઠુ લાગતાં આ પગલુ ભરી લીધુ હતું. ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આપઘાતના પ્રયાસની ઘટનાઓ પર નજર કરીએ તો કોઠારીયા રોડ પટેલ ચોક પાસે રહેતાં બાવીસ વર્ષના વિશાલ રાજુભાઇ સરવૈયા નામના યુવાને સાંજે પાંચેક વાગ્યે ઘરે ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. વિશાલ બે ભાઇ અને એક બહેનમાં નાનો છે અને છુટક મજુરી કામ કરે છે. હાલમાં તેના પત્નિને સારા દિવસો જઇ રહ્યા છે. જો કે કેટલાક દિવસોથી કામધંધો મળતો ન હોઇ કંટાળી જતાં આ પગલુ ભરી લીધાનું સગાએ જણાવ્યું હતું. બીજા બનાવમાં એંસી ફુટ રોડ પર ડો. બાબાસાહેબ આંબેડકરનગર-૬/૭ના ખુણે રહેતાં ચાલીસ વર્ષના દક્ષાબેન ભરતભાઇ મકવાણાએ રાતે અગિયારેક વાગ્યે ઝેરી ટીકડી પી લેતાં સિવિલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી. દક્ષાબેનના લગ્ન અઢાર વર્ષ પહેલા થયા છે. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. ગૃહકલેશને કારણે પગલુ ભર્યુ હતું. ત્રીજા બનાવમાં રેલનગર અવધપાર્ક-૧માં રહેતાં છત્રીસ વર્ષના જ્યોતિબેન દિપકભાઇ શીંગાળા ભુલથી રાતે ફિનાઇલ પી જતાં સિવિલમાં દાખલ કરાતાં પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. તેણીના લગ્ન સોળ વર્ષ પહેલા થયા છે. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. અન્ય એક બનાવમાં નવા થોરાળા શેરી નં. ૫માં રહેતાં છેતાલીસ વર્ષના નાગજીભાઇ મંગાભાઇ રાઠોડ રાતે સાડા નવેક વાગ્યે ફિનાઇલ પી જતાં સિવિલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી. નાગજીભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે પુત્ર છે. દિકરાના જણાવ્યા મુજબ તેના પિતાને ઘોઘાવદર પંથકની એક મહિલા સાથે ત્રણેક વર્ષથી સંબંધ હતો. હાલમાં બંને વચ્ચે ઝઘડો થયો હોઇ મહિલા તરફથી કોઇ લોકો માથાકુટ કરવા આવતાં મારા પિતાએ ફિનાઇલ પી લીધી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસે નિવેદન નોંધવા કાર્યવાહી કરી હતી. આમ આપઘાતના બે બનાવ અને આપઘાતના પ્રયાસના ચાર બનાવો બન્યા હતાં.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વેલ ગાંડી અને તંત્ર દોઢ ડાહ્યું !

## મચ્છરની ફેક્ટરી જેવી વનસ્પતિ અંગે જાણકારી મેળવીને કાયમી નિકાલ જરૂરી



રાજકોટના લગભગ દરેક વિસ્તારોમાં મચ્છર અને મસીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. ઘણા વિસ્તારોમાં એટલી હદે જીવાતો ઉડી રહી છે કે, મોંમાં ઘૂસી જાય છે. રાજકોટવાસીઓ ત્રાહિમામ છે. આ સામે ઉહાપોહ થાય ત્યારે તંત્ર પરંપરાગત પગલા ભરે છે, પરંતુ સમસ્યાના કાયમી નિકાલ માટે કંઈ જ કરાતું નથી.

આજી નદી રાજકોટની ઓળખ હતી, પણ આપણે એટલો બધો વિકાસ કર્યો  કે આજી નદી ગંદા- ગંધાતા, પાણીના ખાબોચિયામાં પરિવર્તિત થઈ ગઈ છે. આ નદીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગાંડીવેલનો પ્રશ્ન કાળ બનીને ઉભર્યો છે. હાલ આજે નદીએ મચ્છરો સહિતની જીવાતોનો મહાકુંભ મેળો યોજાયો હોય તેવો માહોલ છે.

નદી કિનારાના વિસ્તારોમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ મચ્છરોના ઝુંડ શહેરમાં પ્રસરી રહ્યા છે. દર વર્ષે આ મુદ્દો ઊઠે છે. એવું માનવામાં આવે છે કે, આજી નદીમાં ગાંડી વેલ ફેલાય છે, જે મચ્છરોના તથા અન્ય જીવાતોના ઉત્પાદનની ફેક્ટરી છે.

હાલ આ વેલ આજે નદીના ચાર-પાંચ કિલોમીટરના વિસ્તારમાં પથરાઈ ગઈ હોવાનું લોકો કહે છે, જેનાથી અકલ્પનીય સંખ્યામાં મચ્છરો સર્જાઈ રહ્યા છે. ફરિયાદ ઊઠે ત્યારે મનપાનું તંત્ર વેલ કાપવા ધંધે લાગે છે. આ કાર્ય બાદ થોડા દિવસ શાંતિ રહે, બાદમાં ફરીથી ગાંડી વેલ પ્રસરવા લાગે છે.


ગાંધી વેલ સામે દોઢડાહ્યું તંત્ર હોય તેમ નથી લાગતું ? વેલ કપાય, ફરી ઉગે... સમસ્યાનો કાયમી નિવેડો લાવવા કંઈ જ કરાતું નથી. કામ ચલાઉ નીવેડો બરાબર છે, પણ પ્રશ્નનો સંપૂર્ણ નિકાલ એ જ ધ્યેય હોવો જોઈએ. દોઢડાહ્યું તંત્ર વેલ કાપીને હાશકારો માની લે છે અને ગાંડી વેલ હસતી રહે છે.

ગાંધી વેલના પ્રાકૃત વિજ્ઞાનમાં ઊંડુ ઉતરવું જરૂરી છે. ઘણા તેને જળકુંભી તરીકે ઓળખે છે. આ વેલ પાણી જોઈને પાગલ થાય છે. પાણીની સપાટી પર એટલી બધી છવાઈ જાય છે કે પાણી દેખાતું બંધ થઈ જાય.

પ્રકૃતિમાં કંઈ જ કારણ વગરનું કે બીનજરૂરી નથી હોતું. ગાંડી વેલ દૂર કરવી હોય તો પ્રથમ તેનું ઉદ્દભવનું કારણ જાણીને એ કારણનું નિવારણ કરવું જરૂરી છે. ગાંડી વેલ પણ પ્રાકૃત વનસ્પતિ છે. આ વેલના અકલ્પનીય ઉપયોગો પણ હોઈ શકે છે. આ બધું જાણવા રિસર્ચ કરવું પડે.

ગાંડીવેલથી મચ્છરો- જીવાતો સર્જાય છે એ માન્યતા છે. રાજકોટમાં મચ્છરોના સામ્રાજ્યનુ કારણ વાસ્તવમાં એ જ છે કે અન્ય, તે અંગે પણ સંશોધન થવું જોઈએ. કોઈપણ પ્રશ્નમાં ઊંડા ઊતર્યા વગર રૂટીન કાર્યવાહી લાખોના ખર્ચે કરતા રહેવું એ ડાહયા માણસનું કામ ન ગણાય. આવું તંત્ર દોઢડાહ્યું ગણવું પડે.

બીજો મુદ્દો એ પણ છે કે, આજી નદીને ચોખ્ખી કરીને વહેતી કરવાના અભિયાનનું શું થયું ? તંત્ર જ ખાબોચિયામાં હોય તેમ લાગે છે.




# ભારત - યુકે વચ્ચે પેન્ડિંગ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ચર્ચા શરૂ

## હજુ બે દિવસ ચાલશે મંત્રણા : નવા FTA હેઠળ બંને દેશોને એકબીજાના અલગ-અલગ ક્ષેત્રમાં રોકાણ કરવાની મળશે તક



નવીદિલ્હી, તા. ૨૪

ભારત અને યુકે વચ્ચે લાંબા સમયથી પેન્ડિંગ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. યુકેના બિઝનેસ અને ટ્રેડ સેક્રેટરી જોનાથન રેનોલ્ડ્સ સોમવારે ભારત પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ટ્વિટર પર આ વિશે માહિતી આપી છે અને કહ્યું છે કે તેઓ ઉત્સાહપૂર્ણ ચર્ચાની અપેક્ષા રાખી રહ્યા છે. આ ચર્ચા ૨ દિવસ સુધી ચાલશે. યુકે સરકારના નિવેદન અનુસાર, આ ચર્ચા દ્વારા બંને દેશો વચ્ચેના વેપારમાં સુધારો લાવવાના માર્ગો શોધવામાં આવશે અને વ્યાપારી સંબંધો વધુ મજબૂત થશે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ચર્ચા જાન્યુઆરી ૨૦૨૨ માં શરૂ કરવામાં આવી હતી અને યુકેના ભૂતપૂર્વ વડા પ્રધાન ઋષિ સુનાક દ્વારા ચૂંટણીની જાહેરાત પછી બંધ થઈ ગઈ હતી.


નવા **FTA** હેઠળ બંને દેશોને એકબીજાના અલગ-અલગ સેક્ટરમાં એક્સેસ કરવાની તક મળશે. બ્રિટિશ કંપનીઓ ઘણી લકઝરી વસ્તુઓ પર ભારત દ્વારા લાદવામાં આવેલા ટેરિફમાં ઘટાડો કરવાની માંગ કરી રહી છે. આમાં દારૂ, ઈલેક્ટ્રિક વાહનો, કૃષિ ઉત્પાદનો અને કન્ફેક્શનરી વસ્તુઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, ભારત ઈચ્છે છે કે તેની કંપનીઓ યુકેના સર્વિસ સેક્ટરમાં વધુ સારી રીતે પ્રવેશ મેળવે. આમાં ટેલિકોમ્યુનિકેશન. કાનૂની સેવાઓ અને નાણાકીય સેવાઓનો સમાવેશ થાય છે.

ભારત ઇચ્છે છે કે આઇટી અને હેલ્થકેર કુશળ પ્રોફેશનલ્સને વધુ તકો પૂરી પાડવા માટે નિયમોને હળવા કરવામાં આવે. આ સાથે યુકેમાં ટેક્સટાઈલ અને ફાર્મા સેક્ટરને ઝીરો ડ્યુટી એક્સેસ મળી છે. આ સાથે જ બંને દેશો ઈઈઝ પર સમજૂતી માટે પણ ચર્ચા કરશે. આમાં માલ, સેવાઓ, રોકાણ અને **IP** અધિકારોનો સમાવેશ થાય છે. આ સિવાય કામદારો, પર્યાવરણ અને ટકાઉપણાના મુદ્દાઓ પર ચાલી રહેલી મડાગાંઠ પર પણ ચર્ચા થઈ શકે છે. વાસ્તવમાં, યુકે આને લગતા કેટલાક ફેરફારોને ચર્ચામાં સામેલ કરવા માંગે છે, જો સ્વીકારવામાં આવે તો ભારતને દેશમાં ઘણા ફેરફારો લાગુ કરવા પડી શકે છે. તેથી આ અંગે ચર્ચા ચાલી રહી છે. જેની સીધી અસર ટેક્સટાઇલ સેક્ટર પર પડી શકે છે.

જો **FTA**માં ભારતની માંગ સ્વીકારવામાં આવે તો ટેક્સટાઇલ સેક્ટરને નોંધપાત્ર ફાયદો થશે. યુકેમાં કંપનીઓને મોટું બજાર મળશે અને ટેરિફમાં રાહત મળવાથી તેઓ વધુ સારી રીતે સ્પર્ધા કરી શકશે. જો વેપારના અવરોધો દૂર થશે તો ફાર્મા અને હેલ્થકેર સેક્ટરને પણ ફાયદો થશે. ઓછી કિંમતની દવાઓ રજૂ કરવામાં ભારત આગળ છે. જો નિયંત્રણો હળવા થશે તો સ્થાનિક અને ફાર્મા સેક્ટરને વિસ્તરણમાં મદદ મળશે. આ ઉપરાંત નાણાકીય સેવાઓ અને આઈટી ક્ષેત્ર સહિત સેવા ઉદ્યોગને ઝડપથી વિસ્તરણ કરવાની તક મળશે.

# પાર્ટીને જરૂર ન હોય તો મારી પાસે અન્ય વિકલ્પ ખુલા : શશિ થરૂર

## નિવેદનથી ફરી એક વખત કોંગ્રેસમાં હડકંપ : ભાજપમાં જોડાવાનો માર્ગ મોકળો



નવીદિલ્હી, તા. ૨૪

તિરુવનંતપુરમથી કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના વલણે આ દિવસોમાં પાર્ટીની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં તેણે કોઈ કામ ન હોવાની ફરિયાદ કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે જો મારી જરૂર નથી તો પાર્ટીને જણાવો. મારી પાસે વિકલ્પો ખુલ્લા છે. પક્ષમાં પણ તે પોતાનું વલણ બદલશે તેવી અટકળો છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે શશિ થરૂર ઈડીખમાં જોડાઈ શકે છે જ્યારે કેટલાક લોકો અનુમાન લગાવી રહ્યા છે કે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. દરમિયાન, શશિ થરૂર તરફથી કોઈ નિવેદન આવ્યું નથી, પરંતુ તેમણે ચોક્કસપણે એક ટ્વિટ કર્યું છે, જે કોંગ્રેસને ડંખ મારશે. આ ટ્વીટ દ્વારા શશિ થરૂરે વિકાસ માટે મતભેદો દૂર કરવાની વાત કરી છે.

આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે કે, 'આ જોઈને આનંદ થયો. શક્ય હોય ત્યાં સુધી રાજકીય મતભેદોથી ઉપર ઉઠીને આર્થિક વિકાસ માટે કામ કરવું જોઈએ. ખરેખર, શશિ થરૂરે શેર કરેલા સમાચારમાં એક તસવીર પણ પ્રકાશિત કરવામાં આવી હતી. આ તસવીરમાં મોદી સરકારના મંત્રી પીયૂષ ગોયલ, કેરળના સીએમ પિનરાઈ વિજયન અને કેરળ વિધાનસભામાં વિપક્ષના નેતા વીડી સતીસન એકસાથે જોવા મળે છે. ત્રણેય નેતાઓ ખુશનુમા વાતાવરણમાં હસતા હસતા વાતો કરી રહ્યા છે. તેને તેના આધાર તરીકે લેતા શશિ થરૂરે ટ્વીટ કર્યું છે. આ તસવીર કોચીમાં આયોજિત ઈન્વેસ્ટ કેરળ ગ્લોબલ સમિટ ૨૦૨૫ની છે.

ભાજપના મંત્રી સાથે કોંગ્રેસના નેતાની તસવીરના શશિ થરૂરે કરેલા વખાણ પાર્ટી નેતૃત્વને અણગમતા સાબિત થઈ શકે છે. અન્ય રાજ્યોમાં પણ કોંગ્રેસનું સીપીએમ સાથે ગઠબંધન છે, પરંતુ તે ભાજપ સાથે સ્ટેજ શેર કરવાનું ટાળે છે. આવી સ્થિતિમાં શશિ થરૂરનું આ પ્રકારનું ટ્વીટ ડંખનારું છે. તમને જણાવી દઈએ કે શશિ થરૂરની અપેક્ષાઓ વધી ગઈ છે અને પાર્ટીના લોકો તેનાથી અસ્વસ્થ છે. હાલમાં જ તેમણે એમ પણ કહ્યું હતું કે જો કેરળમાં કોંગ્રેસ જીતશે તો તેઓ મુખ્યમંત્રી પદના દાવેદાર બની શકે છે.

ત્યાર બાદ સ્થાનિક નેતાઓ સાથે પણ તેમની બોલાચાલી થઈ હતી. તેમને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કે. સુધાકરને સલાહ આપી છે કે સ્થાનિક નેતાઓ રાજ્યના મામલાને સંભાળશે. શશિ થરૂરે રાષ્ટ્રીય સ્તરે પાર્ટીને મજબૂત કરવા માટે કામ કરવું જોઈએ. શશિ થરૂરે પીએમ નરેન્દ્ર મોદીની તાજેતરની અમેરિકા મુલાકાતની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે જો ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને પોતાના કરતા વધુ સારા વાટાઘાટકાર ગણાવ્યા હોય તો તે ખુશીની વાત છે. શશિ થરૂર ૧૬ વર્ષથી રાજકારણમાં છે. તેઓ રાજદ્વારી હતા અને ૨૦૦૯થી કોંગ્રેસ પાર્ટી તરફથી લોકસભાના સાંસદ છે. થરૂરને પૂર્વ પીએમ મનમોહન સિંહ દ્વારા રાજકારણમાં લાવવામાં આવ્યા હતા. મનમોહન સિંહની આગેવાની હેઠળની યુપીએ સરકારના બીજા કાર્યકાળ દરમિયાન, તેમણે વિદેશ રાજ્ય પ્રધાન અને માનવ સંસાધન રાજ્ય પ્રધાનની જવાબદારી નિભાવી હતી. મનમોહન સિંહ સરકારમાં શશિ થરૂરનું પોતાનું રાજકીય મહત્વ હતું.

# દિલ્હી CM ઓફિસમાં આંબેડકરજી - ભગતસિંહજીના ફોટો હટાવતા વિવાદ



વિપક્ષમાં આમ આદમી પાર્ટીએ ભાજપને ઘેર્યું

નવીદિલ્હી, તા. ૨૪

દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા આતિશીએ ભાજપ પર સદનની અંદર અને બહાર ફોટો હટાવવા માટે દલિત અને શીખ વિરોધી માનસિકતા હોવાનો આરોપ લગાવ્યો હતો. આતિશીએ કહ્યું કે બાબા સાહેબ આંબેડકરજીએ આ દેશને બંધારણ આપીને દલિત અને પછાત સમાજને આગળ વધવાની તક આપી અને શહીદ-એ-આઝમ ભગતસિંહજીએ દેશની આઝાદી માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. ભાજપે સીએમ ઓફિસમાંથી આ બે મહાપુરુષોની તસવીરો હટાવીને આ બે મહાપુરુષોનું અપમાન કર્યું છે અને **AAP** તેનો વિરોધ શેરીઓથી લઈને ગૃહ સુધી કરશે. પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે પણ પોતાના એક્સ હેન્ડલ પરથી લખ્યું છે કે દિલ્હીની નવી ભાજપ સરકારે બાબા સાહેબનો ફોટો હટાવીને વડાપ્રધાન મોદીજીનો ફોટો લગાવ્યો છે. આ યોગ્ય નથી. આનાથી બાબા સાહેબના કરોડો અનુયાયીઓ દુ:ખી થયા છે. હું ભાજપને પ્રાર્થના કરું છું. તમે વડાપ્રધાનનો ફોટો લગાવી શકો છો, પરંતુ બાબા સાહેબનો ફોટો હટાવો નહીં. તેનો ફોટો રહેવા દો.

સોમવારે દિલ્હી વિધાનસભામાં જબરદસ્ત ડ્રામા થયો જ્યારે આમ આદમી પાર્ટી (**AAP**)ના ધારાસભ્યોએ ગૃહની અંદર વિરોધ કર્યો. વિપક્ષના નેતા આતિશીએ આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રધાન કાર્યાલયમાંથી ડો. બી.આર. આંબેડકર અને શહીદ ભગતસિંહની તસવીરો હટાવી દેવામાં આવી છે, જેના કારણે શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તણાવ વધતાં, સ્પીકર વિજેન્દ્ર ગુપ્તાએ દરમિયાનગીરી કરી અને વિધાનસભાને રાજકીય યુદ્ધના મેદાનમાં ફેરવવા બદલ **AAP** સભ્યોને ઠપકો આપ્યો. તેમણે કહ્યું, ''તે એક સૌજન્યપૂર્ણ સંબોધન હતું. તમારે તેને રાજકીય મંચ ન બનાવવું જોઈતું હતું. વિપક્ષ નથી ઈચ્છતો કે ગૃહ સુચારુ રીતે ચાલે. તમે ગૃહને ખોરવી નાખવાના ઈરાદાથી આવ્યા છો. ગૃહની ગરિમા જાળવો.'' આરોપોનો જવાબ આપતા, દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા અને તેને અઅડના કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓથી ધ્યાન હટાવવા માટે એક રાજકીય કાવતરું ગણાવ્યું હતું. ''બાબાસાહેબ આંબેડકર અને શહીદ ભગતસિંહ પાછળ તેમના ભ્રષ્ટાચાર અને કુકર્મોને છુપાવવાની આ તેમની ષડયંત્ર છે. શું સરકારના વડાની તસવીર ન લગાવવી જોઈએ? શું દેશના રાષ્ટ્રપતિની તસવીર ન લગાવવી જોઈએ? શું રાષ્ટ્રપિતા ગાંધીજીની તસવીર ન લગાવવી જોઈએ?'' ગુપ્તાએ પ્રશ્ન કર્યો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે આંબેડકર અને ભગતસિંહ દેશ માટે ખૂબ જ આદરણીય વ્યક્તિઓ અને માર્ગદર્શક છે, અને ઉમેર્યું કે તેમને કાર્યાલયમાં સ્થાન આપવામાં આવ્યું છે. ''આ રૂમ દિલ્હીના સીએમનો છે, અને સરકારના વડા તરીકે, અમે તેમને જવાબ આપવાનું મારું કામ નથી - હું લોકો માટે જવાબદાર છું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ગૃહસ્થાશ્રમ એટલે ઘરને જ આશ્રમ બનાવીને નીતિ નિયમ પૂર્વક પતિ પત્નીએ જીવવું



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ ૨૩/૨ ગઈ અને એ તારીખે અમારો લગ્ન દિવસ હતો. ૩૬ વર્ષમાં પહેલીવાર અમે લગ્ન દિવસે સાથે ન્હોતાં! કારણકે જવાબદારી! લગ્ન એ મૂળરૂપે તો જવાબદારી કે કર્તવ્ય કર્મનું જ કમીટમેન્ટ છે. ક્યાં એ ૨૦ વર્ષની ચચંળ યુવતી અને ક્યાં આજની આ ધીર ગંભીર મહિલા, જેણે પતિ પરમેશ્વરનાં પરમ સંસ્કારની શીખ કંકુ રુપે માથે સજાવી પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. મગજમાં ઉંમરની બાલિશતા, મનમાં નવ જીવનનાં સપ્ત રંગની રંગોળી, અને પગમાં સંસ્કારનાં ઝાંઝર, આ ત્રણેયનું સંતુલન જાળવવું એ સમયે આટલાં મોટાં પરિવાર વચ્ચે થોડું અઘરું થયું હતું, પણ અંતે પ્રિયજનનો સાથ અને સંસ્કારની જીત થઈ,અને આજે એ વાતને ૩૬ વર્ષ પૂર્ણ થયાં. આજે પાછલા એ વર્ષો તરફ દ્રષ્ટિ કરીએ તો એવું લાગે કે જાણે હમણાં જ આ બધું જીવ્યા! સ્મૃતિ એટલી તીવ્ર અને પોતીકી! લગ્ન જીવનમાં એટલે કે ગૃહસ્થાશ્રમમાં બસ આ પોતીકાંનો ભાવ હોયને તો ગમે તેવા અઘરા ખેડાણ ખેડાઈ જાય. પ્રખર પ્રજ્ઞાનું મહાદેવ જ જતન કરી શકે, એ રીતે જોઈએ તો એમનાં સાથ વગર આ શક્ય નહોતું. આજે ૩૬ વર્ષ પાછળ નજર કરીએ તો આટલી લાંબી સફર તય કરવા માટે જોઈતાં બધા જ ગુણ બહુ સ્વાભાવિક રીતે જ પહેલેથી નહોય,પણ એક ગુણ હતો, આમાન્યાનો! અને એને કારણે સહનશક્તિ વધી,અને આજે આ જીવન બાગ અત્યંત મહેકી રહ્યો છે. અસ્તિત્વની પણ પૂર્ણ મરજી હશે, તેને કારણે આ વ્યક્તિત્વ લગભગ ત્રીસ વર્ષ મૌન રહ્યા બાદ ચિંતનની ક્ષણેની ધારા રુપે મુખર થયું.

ગૃહસ્થાશ્રમનો સાવ સીધો સાદો અર્થ કરીએ તો ગૃહ એટલે કે ઘરને જ આશ્રમ બનાવી જીવવું. આપણી હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન પછી સ્ત્રી પિતાનું ઘર છોડી દે છે, અને પતિના ઘરને પોતાના ઘર તરીકે સ્વીકારવામાં આવે છે. એટલે એ રીતે જોઈએ તો ત્યાગની ભૂમિકા પર આ લગ્ન સંબંધ ટક્યો છે, કેટલો મોટો ત્યાગ વીસ, બાવીસ, કે પચીસ, વર્ષની આયુ સુધી જે ઘરમાં ઉછેર થયો હોય એ ઘર છોડી અને જેની સાથે પરિચય પણ ન હોય, એ ઘરમાં આવી રહેવાનું, અને એને પોતાનું બનાવવાનું.ભારતીય સમાજમાં દેશકાળ પ્રમાણે ઘણા બધા ફેરફાર થયા છે, પરંતુ આ એક બાબત પર તો હજી સમાજ કાયમ છે, અને તેથી જ ભારતીય સમાજની લગ્ન સંસ્થા શ્રેષ્ઠ છે. ત્યાગ અને સમર્પણની ધરોહર પર જે જીવનની શરૂઆત થાય તે શ્રેષ્ઠ પરિણામ આપે છે. દરેક ઘર પરિવારમાં નાની મોટી વાત પર સંઘર્ષ થાય છે, પરંતુ મતભેદ હોય પણ મનભેદ ન થાય ત્યાં સુધી બધુ સચવાઈ રહે છે, બીજું પોતાનાંનો ભાવ આવવો બહુ જરૂરી છે, તો જ્યાં પોતા પણું નહીં, પણ પોતાનાનો ભાવ હોય ત્યાં લગ્ન સંબંધ ટકી રહે છે.

આશ્રમ શબ્દ જોડવામાં આવ્યો છે એટલે કે આ જીવન આશ્રમ જેવું નીતિ નિયમ વાળુ હોવું પણ બહુ જરૂરી છે. બંને પક્ષે જીવનસાથી સાથે વિશ્વાસ અને શ્રધ્ધાથી આ સંબંધ નિભાવવાનો હોય છે, અને બંનેનું વજૂદ અહીં સરખું આંકવામાં આવ્યું છે. વ્યવસ્થાની અને સુરક્ષાની રીતે સ્ત્રીને પુરુષના કાર્યભાર સમાજે નક્કી કરેલા છે, એનો મતલબ એ નથી કે સ્ત્રી નિર્બળ કે અબળા છે, અને પુરુષ સક્ષમ હોવાથી ગમે તે કરે. બંને જણાએ મળીને આ જીવનને સુંદર બનાવવાનું હોય છે. હિન્દુ સંસ્કૃતિમાં તો એક પત્નીનો કાયદો છે, એટલે ઘણીવાર વિચાર આવે કે આવો કાયદો લાવવાની જરૂર શું કામ પડી!! લગ્ન એ માત્ર ભોગ વિલાસ માટે નથી, પરંતુ સમાજમાં શાંતિ અને પ્રેમ બની રહે એ પણ જરૂરી છે. ઘર પરિવારની સ્વસ્થતાનો સીધો આધાર સમાજ પર છે,જો પરિવાર સ્વસ્થ ને તંદુરસ્ત તો સમાજ પણ સ્વસ્થ. ગૃહસ્થાશ્રમના સુંદર જીવનમાં પરિવાર વિસ્તરણ થાય છે, અને સમાજના વિકાસમાટે  સુંદર ભાવિ પેઢી આ રીતે પ્રાપ્ત થાય છે. પેઢી દર પેઢી વચ્ચે વાણી, વિચાર, અને વર્તન, નું સાતત્ય જળવાઈ રહે તે આ આશ્રમનું બહુ જરૂરી પાસું છે. જેનું આજકાલ મૂલ્ય ઘટી જતાં સંયુક્ત કુટુંબ પ્રથા વિભક્ત કુટુંબમાં ફેરવતી જાય છે, અને આ ગૃહસ્થાશ્રમનું એટલે કે લગ્ન જીવનનું પતન થાય છે.

બંને પક્ષ જો સહનશીલતા,ક્ષમા, મૈત્રી, ઉદારતા, શ્રદ્ધા, વિશ્વાસ, અંદરોઅંદર પ્રેમના વિશિષ્ટ ભાવથી જોડાયેલ હોય તો જ ત્યાગ ને સમર્પણનાં ભાવ શક્ય છે,તો જ આ લગ્ન જીવન શાંતિથી પસાર થાય છે. દરેક પરિવારમાં આર્થિક પ્રશ્નો, બીમારીનાં પ્રશ્નો, એટલે કે શારીરિક પ્રશ્નો, અને માનસિક પ્રશ્નો આવતાં જ હોય છે. પરંતુ આવા સમયે એક બીજા પ્રત્યે ઉદાર સમજણ દાખવી, અને જતું કરવાની ભાવના હોય, તો જ લગ્ન ટકી જતા હોય છે, અને એકતા હોય ત્યાં ગમે તેટલી વિકટ પરિસ્થિતિ આવે તો પણ તેનો સામનો થઈ શકે છે. એક હાથની પાંચ આગળી પણ એક સરખી હોતી નથી, એમ પરિવારના દરેક સભ્યોની માનસિકતા અલગ અલગ હોય છે, શારીરિક રૂપ, રંગ, અને કદ પણ અલગ-અલગ હોય છે, તેઓની પસંદ-નાપસંદ પણ અલગ-અલગ હોય છે, તો આ બધું જ એકબીજા સમજીને જીવે તો લગ્નજીવન સરળ અને મધુર બની શકે. મૂળ વાત જતું કરવાની, દરેક જણની તૈયારી હોય તો જ આ શક્ય છે, બાકી એક પક્ષને જ જો જતું કરવાનું આવે, તો સંબંધ બોજ બની શકે,અને પરિણામે લગ્ન વિચ્છેદ પણ થતાં હોય છે.

જીવનને મર્યાદા પૂર્ણ રીતે જીવવામાં આવે તો એના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થયેલા સંતાનો પણ એવું જીવન જીવે છે, અથવા તો એ જીવનનું મહત્વ સમજે છે, અને સારા સંસ્કાર પ્રાપ્ત કરે છે. સમાજ આ રીતે જ ઉતરોતર પ્રગતિ પણ કરી શકે છે. પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ નામના બે અનેરા ગુણ જે લગ્નજીવનમાં કે ગૃહસ્થાશ્રમમાં હોય, ત્યાં વિવેક રૂપી ગણેશ અને શક્તિશાળી કાર્તિકેયનો જન્મ થાય છે. એટલે કે દીકરા દીકરીની અહીં વાત નથી, પરંતુ આ રીતે વિનયી અને વિવેકી સંતાન પ્રાપ્ત થાય છે.

આપણાં ઋષિમુનિઓ તે બહુ સમજી-વિચારીને દરેકના જીવન આ રીતે અલગ-અલગ આશ્રમમાં ભાગ પાડી જીવવું એવું બતાવ્યું છે, દરેક આશ્રમની પોતાની એક લાક્ષણિકતા છે, અને તે મુજબ જો જીવાય તો દરેક સંસારી પણ ઋષિ-મુનિ જેવું તેજસ્વી જીવન પ્રાપ્ત કરી શકે છે.સવાલ બસ બધાએ મર્યાદાની જે રેખા દોરી છે, એમાં જ જીવવું એ છે, જે લોકો આ રીતે જીવે છે તેઓના ગૃહસ્થાશ્રમ ટકી શક્યા છે, અને એવાં પરિવાર માંથી પ્રેમ પ્રસન્નતા છલકાતી પણ જોવા મળે છે. સપ્તપદીના સાત વચનો પૂરેપૂરી પ્રમાણિકતાથી આપ્યા હોય તો લગ્ન જીવનમાં કોઈ તકલીફ પડતી નથી,પણ જો આપવા ખાતર આપ્યા હોય તો તકલીફથી જીવન ભરેલા હોય છે.

ભારતીય સમાજની તુટતી જતી લગ્ન સંસ્થાને બચાવવા માટે ગૃહસ્થાશ્રમનો સાચો અર્થ જાણી અને તેને સૌ કોઈ નિભાવે, તો ભારતીય સંસ્કૃતિ આજે પણ એટલી જ મહાન છે. સૌ કોઈ પોતાને ભાગે આવેલા સંબંધને પુરા પ્રેમ અને પ્રમાણિકતાથી નિભાવે તો આ કાર્ય એટલું મુશ્કેલ પણ નથી. દરેક વખતે પોતાની માટે ન વિચારતા પરિવાર માટે વિચારવું, તો પરિવારમાં પ્રેમ બની રહે છે, અને એ પ્રેમ થકી જ આ ગૃહસ્થાશ્રમની સુંદરતા છે. તો સૌ કોઈ પોતાના ભાગે આવેલ સંબંધને પ્રેમથી ભરીને ગૃહસ્થાશ્રમનું મૂલ્યાંકન કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### સોશિયલ મિડીયા પર મિત્રતા કેળવ્યા પછી કંપનીમાં રોકાણ કરવાથી મસમોટો નફો મળશે કહી ફસાવી લીધા

# ફેસબૂક ફ્રેન્ડ કીરાએ વેપારીનું કરી નાંખ્યું: ૧.૯૨ કરોડનો ચૂનો

## બીજા બનાવમાં વિઝા ફાઈલમાં રોકાણથી ફાયદો થશે કહી ગિફ્ટ આર્ટીકલના વેપારી સાથે ૧.૮૯ કરોડનુ ફ્રોડ

રાજકોટ: સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી છેતરી લેવાની ઘટના સતત બનતી રહે છે. દરમિયાન એક વેપારીને એક મહિલાએ છેતરીને અધધધ એક કરોડ બાણુ લાખ ઉસેડી લીધા છે. યુવતિએ સોશિયલ મિડીયા પર વેપારીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી અને પછી વાતો ચાલુ કરી હતી. ત્યારબાદ એક કંપનીમાં રોકાણ કરવાથી ક્રિપ્ટોમાં મોટી કમાણી થઈ શકે છે તેમ કહી લલચાવતાં વેપારીએ અધધધ રકમનું રોકાણ કર્યુ હતું. પણ છેલ્લે તેને છેતરાઈ ગયાની ખબર પડી હતી. ફેસબૂક થકી ફ્રેન્ડ બનેલી કીરા નામની આ યુવતિ વેપારીને મસમોટો ચૂનો લગાડી જતાં ચકચાર મચી ગઈ છે.



વિગતો પર નજર કરીએ તો ગઠીયાઓએ વધુ એક વખત ફ્રોડ માટે સોશિયલ મિડીયાનો સહારો લીધો, દુરૂપયોગ કર્યો છે અને વધુ એક શિકાર ફસાવી લીધો છે. સોશિયલ મીડિયા પર એક યુવતીની રિકવેસ્ટ સ્વીકાર કર્યા બાદ અમદાવાદના વેપારીએ તેની સાથે સતત વાતચીત ચાલુ રાખી હતી. ત્યાર બાદ આ યુવતીએ વેપારીને વિશ્વાસમાં લઈને વેબુલ નામની કંપનીમાં રોકાણ કરાવી ઝડપથી પૈસા કમાવવાની લોભામણી લાલચ આપી હતી. ફરિયાદી વેપારીએ યુવતીએ મોકલેલી લિંક પરથી ક્રિપ્ટો કરન્સીમાં ૧ કરોડ ૯૨ લાખ ૭૦ હજારનું રોકાણ કર્યું હતું. આ રકમમાંથી માત્ર ૯૨ હજારની રકમ પરત મળી હતી. જ્યારે ૧ કરોડ ૯૧ લાખની રકમ પરત માંગતા પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ ઘટનામાં જાહેર કરેલી વિગતો જોઈએ તો અમદાવાદમાં સ્ટીલનો વેપાર કરતા વેપારીના ફેસબુક પર કિરા શર્મા નામની યુવતીએ મેસેજ કર્યો હતો. આ મેસેજ બાદ વેપારી અને કિરા શર્મા વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. કિરા પોતે બિઝનેસ વુમન હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ તેની વૈભવી લાઈફસ્ટાઈલના ફોટો મોકલીને પોતે સારો બિઝનેસ કરે છે તેવું પ્રસ્થાપિત કરી વેપારીને વિશ્વાસમાં લીધા હતાં. આ કિરા શર્માએ વેપારીને કહ્યું હતું કે, તેના અંકલ જે. પી. મોર્ગનમાં એનાલિસ્ટ તરીકે કામ કરે છે અને જુદી જુદી ક્રિપ્ટો કરન્સી અને યુએસડીટીમાં રોકાણ કરવાની ટીપ્સ આપે છે. તેમાં તેણે કરોડો રૂપિયાની કમાણી કરી છે. આવી લાલચમાં વેપારી આવી ગયા હતા અને મોટુ રોકાણ કરી દીધુ હતું. પણ છેલ્લે છેતરાઈ ગયા હતાં.

વેપારી કિરા શર્માની વાતોમાં ભોળવાઈને રોકાણ કરવાની તૈયારી બતાવી હતી. કિરાએ તેને વેબુલ કંપનીનું એક યુઆરએલ આપ્યું હતું. જેને વેપારી તપાસ કરી સાચુ હોવાની જાણકારી મેળવી હતી. ત્યાર બાદ વેબુલ કંપનીમાં તેણે રોકાણ કર્યું હતું. જેના વળતર પેટે રાબેતા મુજબ પૈસા તેમના એકાઉન્ટમાં આવી જતા હતાં. કિરાએ વેપારીને વિશ્વાસમાં લઈને કુલ ૧ કરોડ ૯૨ લાખ ૭૦ હજારનું રોકાણ કરાવ્યું હતું. ત્યાર બાદ વેપારીના ખાતામાં ૯૨ હજાર રૂપિયા જમા થયા હતાં. વેપારીએ નફાની રકમ ઉપાડવા જતાં કિરાએ કહ્યું હતું કે, તમારે આ રકમ ઉપાડવા માટે ૨૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. ત્યારે વેપારીએ આ –કારનો કોઈ ટેક્સ લાગતો નથી તેવી દલીલ કરી હતી. કિરાએ તેનો મોબાઈલ નંબર બંધ કરી દીધો હતો અને વેપારી સાથે અન્ય નંબર પરથી વાતચીત ચાલુ કરી હતી. આ નંબર પર કોલ કરતાં તે લાગતો નહોતો. જેથી વેપારી જમા રકમમાંથી ટેક્સના પૈસા કાપીને બાકીની રકમ પરત માંગતાં કોઈ જવાબ મળ્યો નહોતો. જેથી તેને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતા સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઈમે ફરિયાદના આધારે તપાસ આગળ ધપાવી હતી. બીજા એક બનાવમાં વિઝા ફાઇલમાં રોકાણ કરવાથી મોટો ફાયદો નફો મળશે તેવુ કહી એક કરોડ નેવ્યાસી લાખની ઠગાઈ કરવામાં આવી છે. રોકાણ પર માત્ર બાર લાખ જ પાછા મળતાં છેતરાઈ ગયાની ખબર પડી હતી. અમદાવાદમાં ફ્રોડના અનેક કિસ્સા સામે આવી રહ્યાં છે. શહેરમાં વિઝા ફાઈલમાં રોકાણ કરવાથી સારૂ વળતર મળશે તેવું કહીને ફરિયાદીને વિશ્વાસમાં લઈ ૧.૮૯ કરોડનું રોકાણ કરાવી માત્ર ૧૨.૪૦ લાખ પરત આપીને ત્રણ આરોપીઓએ ૧.૭૭ કરોડની ઠગાઈ આચરતા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. વધુ માહિતી અનુસાર અમદાવાદમાં ગિફટ આટિકલનો વેપાર ધંધો કરતાં પાર્થિવ શાહે ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેમના મામાએ ધર્મેન્દ્ર સુરેજા, મીત સુરેજા અને ચીરાગ લાઠીગરાને જોધપુર વિસ્તારમાં સ્થિત ઓફિસ ભાડેથી આપી હતી. આ ઓફિસમાં આ ત્રણેય જણા વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતાં હતાં. આ ત્રણેય સાથે ફરિયાદી પાર્થિવ શાહને સારી મિત્રતા થઈ હતી. ફરિયાદીને જાણવા મળ્યું હતું કે, તેમના મામાએ વિઝા ફાઈલમાં રોકાણ કરીને સારૂ મળતર મેળવ્યું છે. જેથી તેમણે પણ રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં ધર્મેન્દ્ર સુરેજા, મીત સુરેજા અને ચીરાગ લાઠીગરાએ તેમને સારુ વળતર આપવાની લાલચ આપી હતી. પાર્થિવ શાહે શરૂઆતમાં આ ત્રણેયની વાતોમાં આવીને વિઝા ફાઈલોમાં પૈસા રોક્યા હતા અને તેનું સારુ વળતર મેળવ્યું હતું. ત્યાર બાદ આરોપીઓએ વિઝા ફાઈલોનું કામ વધારે આવ્યું છે અને તેમાં સારૂ વળતર મળશે તેવું કહેતા ફરિયાદીએ તેમના મિત્રો અને સગા સંબંધીઓને પણ તેમાં કુલ ૧.૮૯ કરોડનું રોકાણ કરાવ્યું હતું. રંતુ આરોપીઓએ આ રોકાણ કે વળતરના પૈસા સમયસર પરત નહીં આપતાં ફરિયાદીએ તેમની પાસે માગ કરી હતી. ત્યાર બાદ આરોપીઓએ ટુકડે ટુકડે ૧૨.૪૦ લાખ રૂપિયા પરત આપીને બાકી પૈસા પરત આપવા માટે લેખિતમાં બાહેંધરી આપી વિશ્વાસ કેળવ્યો હતો. તે છતાંય અનેક વખત પૈસા પરત માગતા આરોપીઓ ગલ્લા તલ્લાં કરતા હતાં. જેથી ફરિયાદીએ આ ત્રણેય આરોપીઓ સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરતાં ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

# સોમનાથ દાદા સૌની સુખાકારી વધારજો

રાજકોટ મિરર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા પ્રથમ જ્યોતિર્લિંગ એવા દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવીને શ્રદ્ધા પૂર્વક પૂજન અર્ચન કર્યા હતા. મહાશિવરાત્રી પર્વ નિમીત્તે સોમનાથમાં પ્રથમ વાર ઉજવાનારા સોમનાથ મહોત્સવનો પ્રારંભ કરાવવા સોમનાથની મુલાકાતે પહોંચ્યા હતા.

આ મહોત્સવના ઉદઘાટન પૂર્વે મુખ્યમંત્રી એ ૧૨ જ્યોતિર્લીંગમાં પ્રથમ એવા સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. સોમનાથ મંદિરના પંડિતોએ શ્લોકોચ્ચાર વચ્ચે તેઓને મંદિરના પ્રાંગણમાં આવકાર્યા હતાં. દેવાધિદેવ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક કરીને પૂજા-અર્ચના કરી હતી.

આ તકે સૌની સુખાકારી અને સમૃદ્ધિની પ્રાર્થના ભગવાન સોમનાથ સમક્ષ કરી હતી. સોમનાથ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીને પ્રસાદભેટ આપવામાં આવી હતી. પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, પ્રવાસન અને દેવસ્થાન વિભાગના સચિવ રાજેન્દ્રકુમાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રમેશ મેરજા, અગ્રણી સર્વ મહેન્દ્રભાઈ પીઠિયા, રાજશીભાઈ જોટવા, માનસિંહભાઈ પરમાર તથા ગીર-સોમનાથ વહિવટી તંત્રના અને સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.





**મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી પૂજન-અર્ચન વચ્ચે મુખ્યમંત્રીની પ્રાર્થના**

### બાળાઓને ફસાવીને બળાત્કાર ગુજારવાની ઘટનાઓમાં ચિંતાજનક રીતે થઈ રહ્યો છે વધારો

# સગીર સાળીનો દેહ પીંખી સગર્ભા બનાવતો વિકૃત બનેવી

## બીજા કિસ્સામાં સગીરાનું ઢગાએ અપહરણ કરી દેહ પીંખ્યો: ત્રીજી ઘટનામાં ગર્લફ્રેન્ડે બીજો ફ્રેન્ડ શોધી લેતાં યુવાને આપઘાત કરી લીધો

રાજકોટ: દૂષ્કર્મની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. અમુક કિસ્સામાં તો જે તે બાળાને હવસખોરીનો શિકાર બનાવનારા તેના પોતાના જ નજીકના સગા કે પરિચીતો પણ હોય છે. આવી જ એક ઘટનામાં બનેવીએ સગીર સાળીને ફસાવી વારંવાર બળાત્કાર ગુજારી દેતાં તેણી સગર્ભા બની જતાં બનેવીના કૂકર્મનો ભાંડો ફુટ્યો હતો. બીજા બનાવમાં સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારાયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઈએ તો ગાંધીનગર શહેર નજીક સરગાસણમાં આવેલી સ્પોર્ટ કોમ્પ્લેક્સની બાંધકામ સાઈટ ઉપર રહેતા મધ્ય-દેશના પરિવારમાં બનેવીએ સાળી ઉપર વારંવાર બળાત્કાર ગુજારીને ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે હાલ સગીરાના પિતા દ્વારા અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપવામાં આવતા ગુનો દાખલ કરાયો છે. આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સરગાસણમાં ગુડા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા સ્પોર્ટ કોમ્પ્લેક્સની બાંધકામ સાઈટ ઉપર અલગ અલગ રાજ્યમાંથી આવેલા શ્રમજીવી પરિવારો રહે છે ત્યારે મધ્યપ્રદેશનો પરિવાર પણ અહીં કામ અર્થે આવ્યો હતો. જ્યાં પતિ પત્નિની સાથે પત્નિની બહેન પણ રહેતી હતી.



આ દરમિયાન થોડા મહિનાઓ અગાઉ સાળી રાત્રે સૂઈ રહી હતી તે દરમિયાન બનેવી તેની પાસે ગયો હતો અને તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરા દ્વારા આ મામલે કોઈ ફરિયાદ કરવામાં નહીં આવતા બનેવી અવારનવાર તેની પાસે જતો હતો અને તેનું શારીરિક શોષણ કરતો હતો. દરમિયાનમાં આ પરિવાર નવા કામની શોધમાં મહારાષ્ટ્ર પહોંચ્યો હતો અને આ દરમિયાન આ સગીરા દ્વારા બનેવીને કંઈક અજુગતું લાગતું હોવાની જાણ કરી હતી. જેથી તેમણે મધ્યપ્રદેશ પહોંચ્યા બાદ તબીબને બતાવીશું તેમ કહ્યું હતું. દરમ્યાનમાં તબીબ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આ સગીરાને સવા મહિનાનો ગર્ભ છે. જેના પગલે પરિવારજનો દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી હતી અને તેમાં બહાર આવ્યું હતું કે બનેવી દ્વારા જ તેની ઉપર વારંવાર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. જેના પગલે હાલ સગીરાના પિતાની ફરિયાદના આધારે અડાલજ પોલીસ દ્વારા બનેવી સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજો બનાવ ધંધુકા પંથકમાં બન્યો છે. અહિના બરવાળા તાલુકાના ખાંભડા ગામના શખ્સે સગીરાને બળજબરી પુર્વક બાઈક પર અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ઘટના પ્રકાશમાં આવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.જોકે દુષ્કર્મ આચરનાર શખ્સને પોલીસે પકડી પાડી સાધન પૂછપરછ હાથ ધરી છે. આ બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર બરવાળા તાલુકાના ખાંભડા ગામેં રહેતો મેહુલ માખા નામના શખ્સે સગીરાને ધંધૂકા થી બળજબરી પુર્વક બાઈક પર અપહરણ કરી ગયો હતો અને સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું.આ બનાવને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.આ બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધરી દુષ્કમ આચરનાર શખ્સને પકડી પાડયો હતો.

ત્રીજી એક ચોંકાવનારી ઘટનામાં વડોદરાના હુજરત ટેકરા પાસે રહેતા એકવીસ વર્ષીય યુવકની ગર્લફ્રેન્ડનું બીજા યુવક સાથે પ્રેમ સંબંધ હોવાને કારણે યુવકે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઘરના તમામ સભ્યો બીજા માળે હતા ત્યારે યુવકે મકાનના ગ્રાઉન્ડ ફલોર પર આવીને મોડી રાત્રે આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની સિટી પોલીસે તપાસ હાથ ધરી હતી. હુજરત ટેકરામાં આવેલા મહાકાળી નગરમાં રહેતો એકવીસ વર્ષનો પ્રિયાંશુ પરમાર કોઈ કામ ધંધો કરતો નહોતો અને ઘરે રહેતો હતો. હાલમાં તેને જાણ થઈ હતી કે, તેની ગર્લફ્રેન્ડના અન્ય યુવકો સાથે પણ સંબધ છે.

જેથી તેને લઈને તાણમાં રહેતો હતો. ગુરુવારે રાત્રીના સમયે પ્રિયાંશુ, તેની માતા અને તેની બહેન મકાનના પહેલા માળે હતા. આ દરમિયાન તે પાણીની બોટલ લઈને નીચેના માળે આવી ગયો હતો. સુવાનો સમય થયો હોવા છતાં પ્રિયાંશુ સુવા માટે ઉપર ન આવતા તેની માતા નીચેના માળે તપાસ કરવા માટે ગઈ હતી. ત્યારે પ્રિયાંશું ઓઢણી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં હતો. જેથી તેની માતાએ તાત્કાલિક પરિવારના અન્ય સભ્યોને જાણ કરીને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ સિટી પોલીસને કરતા પોલીસે પ્રિયાંશુના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, તેની ગર્લફ્રેન્ડના અન્ય યુવક સાથે સંબંધ હોવાને કારણે તેને લાગી આવ્યું હતું અને તેના કારણે તેણે આ પગલું ભર્યું હતું.

જિંદગી કા સફર હૈ યે કૈસા સફર...નીકળ્યા હતાં લગ્નમાં જવા પણ પહોંચ્યા પરલોક

# ગોઝારો અકસ્માતઃ પિતા-પુત્ર-ભાણેજના કરૂણ મોતથી અરેરાટી

## લાઠી પાસે માલવાહક વાહન કાળ બનીને ત્રાટકતાં યુવાન, તેની પંદર વર્ષની દિકરી અને આઠ વર્ષની ભાણેજની જિંદગી ખતમ થઇ ગઇ








બીજા બનાવમાં પગપાળા જઇ રહેલા વૃદ્ધનું કારની ઠોકરે ચડી જતાં કમકમાટીભર્યુ મોત થયું

રાજકોટઃ જન્મ લેનાર દરેક મનુષ્યનું મૃત્યુ નિશ્ચીત હોય છે પરંતુ કાળનુ તેડુ ક્યારે કેવી રીતે આવે તેની કોઇને ખબર હોતી નથી. કંઇક આવુ જ લાઠીના પરિવાર સાથે બન્યું છે. લગ્નપ્રસંગમાં જવા માટે પોતાના બાઇક પર દિકરી અને ભાણેજને બેસાડીને નીકળેલા યુવાન અને તેની દિકરી, ભાણેજના વાહન અકસ્માતમાં મોત નિપજતાં પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. લાઠીના બાબરા નજીક જામ બરવાળા નજીક ગલકોટડી ખાખરીયા ગામની ચોકડી પાસે બાઇકને ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં માલવાહક વાહને ટ્રીપલ સવારીવાળા બાઇકને ઉલાળી દેતાં બાઇકચાલક લાઠીના યુવાનનું ઘટના સ્થળે જ મોત થયુ હતું. જ્યારે તેની દિકરીનું બાબરા હોસ્પિટલમાં અને ભાણેજનું રાજકોટ હોસ્પિટલમાં મૃત્યુ થતાં પરિવારોના માળા પિંખાઇ ગયા હતાં.

આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો લાઠીમાં લીમડા હનુમાન શેરીમાં રહેતાં ચાલીસ વર્ષના વિજયભાઇ વલ્લભભાઇ પરમાર-નાગડુકીયા પોતાના બાઇકમાં પંદર વર્ષની દિકરી શ્રધ્ધા અને લાઠી થડાવડ પ્લોટમાં રહેતી આઠ વર્ષની ભાણેજ કૃપાલી નરેશભાઇ સોલંકીને બેસાડીને ખાખરીયા ગામે ફઇની દિકરીના લગ્નમાં હાજરી આપવા રવાના થયા હતાં. દરમિયાન ખાખરીયા ચોકડી નજીક પહોંચ્યા ત્યારે માલવાહક વાહનના ચાલકે બાઇકને ઉલાળી દેતાં ગંભીર ઇજા થતાં વિજયભાઇનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું.

જ્યારે તેમની દિકરી શ્રધ્ધા વિજયભાઇ પરમારને વધુ સારવાર માટે બાબરા હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યાં તેણીએ દમ તોડી દીધો હતો. જ્યારે ભાણેજ કૃપાલી નરેશભાઇ સોલંકીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ સવારે તેણીનું પણ મોત થયુ. હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ લાઠી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર વિજયભાઇ પરમાર પાંચ બહેનના એકના એક વચેટ ભાઇ અને પરિવારનો આધારસ્તંભ હતાં. તે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે.

બનાવથી ત્રણ સંતાન પિતા વિહોણા થયા છે, જ્યારે દિકરીનું તેમની સાથે જ મૃત્યુ થયું છે. આ દિકરી શ્રધ્ધા ધોરણ-૯માં ભણતી હતી. જ્યારે વિજયભાઇની ભાણેજ કૃપાલી ત્રણ ભાઇની એકની એક બહેન હતી. તેના પિતા નરેશભાઇ ધીરૂભાઇ સોલંકી ફ્રુટની લારી કાઢી ગુજરાન ચલાવે છે. આ બનાવથી પરમાર-સોલંકી પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે માલવાહક વાહનના ચાલક વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. આ બનાવને પગલે બે પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બે પરિવારોના માળા વિખેરાઇ ગયા હતાં. ગામમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી.

જીવલેણ અકસ્માતના બીજા બનાવમાં વેરાવળ સોમનાથના બોડાત ગામે રહેતાં રણમલભાઇ સીદીભાઇ બામણીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ ગામના પાટીયા પાસે કારની ઠોકરે ચડી જતાં મોત થયું છે. જાણવા મળ્યા મુજબ બોડાત રહેતાં રણમલભાઇ બામણીયા ગત ૨૧મીએ લગ્નપ્રસંગમાં ગયા હતાં. ત્યાંથી સાંજે સાડા પાંચેક વાગ્યે પરત આવી ગામના પાટીયા પાસે રિક્ષામાંથી ઉતરીને ઘરે પગપાળા જતાં હતાં ત્યારે અજાણી કારના ચાલકે ઉલાળી દેતાં ગંભીર ઇજા થઇ હતી. કારચાલકને આગળ ગામ લોકોએ પકડી લઇ પોલીસને સોંપ્યો હતો. રણમલભાઇને ગંભીર ઇજા થતાં વેરાવળ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને ચાર દિકરા છે. પો... ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં.

# ગોંડલમાં આખરે પાલિકાએ જર્જરિત મકાન તોડી પાડ્યું

## લત્તાવાસીઓએ દુર્ઘટનાની દહેશત વ્યક્ત કરતા તંત્રએ કરી કાર્યવાહી



રાજકોટ મિરર, ગોંડલ તા.૨૪

ગોંડલની નાનીબજારમાં ધારશી પારેખની શેરીની સામે અતિ જર્જરિત થઇ ગયેલા અને બંધ હાલતમાં રહેલુ જુનવાણી મકાન કોઇ દુર્ઘટના સર્જે તે પહેલા તોડી પાડવા લતાવાસીઓ દ્વારા નગરપાલિકાના ચિફ ઓફિસરને રજુઆત કરી હતી પરંતુ વારંવાર રજૂઆત છતા કોઇ પગલા લેવાતા ના હોય ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારાઇ હતી જે બાદ આખરે આજે નગરપાલિકા દ્વારા એ જર્જરિત મકાનને તોડી પડાયું હતું.

ટ્રાફિકથી સતત ધમધમતી નાનીબજારમાં ધાસશી પારેખની શેરી સામે અંદાજે ત્રીસ વર્ષથી બંધ હાલતમાં રહેલું જુનવાણી મકાન જર્જરીત હોય ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત હતી જો રાહદારીઓ કે સામે આવેલી દુકાનો પર આ મકાનનો મલબો પડેતો જાનહાની સાથે દુર્ઘટના સર્જાય તેવી સંભાવના રહેતી હતી. નાનીબજાર તેના નામ મુજબ સાંકડી છે વેપાર વાણિજ્યની મુખ્ય બજાર ગણાય છે સ્વાભાવિક રીતે લોકોની અવરજવર સાથે સવારથી લઇ રાત સુધી ધમધમતી હોય છે.

ત્યારે નાનીબજારની વચ્ચોવચ આ પડુ પડુ થઇ રહેલું જર્જરીત મકાન આવેલુ હતું સામાન્ય વાવાઝોડુ કે ભુકંપ સામે આ મકાન ઝીંક જીલી શકે તેમ ન હતું મકાન ગમે ત્યારે જમીનદોસ્ત બને તેવી હાલત વચ્ચે લોકોનાં જીવ પડીકે બંધાય રહેતા હતા જેથી ધારશી પારેખની શેરીનાં લતાવાસીઓએ નગરપાલિકામાં વર્ષ ૨૦૨૩થી અવારનવાર રજુઆતો કરી રહ્યા હતા પરંતુ તંત્ર એ નોટિસ આપી ને સંતોષ માન્યો હતો પરંતુ ઉગ્ર રજૂઆત બાદ આખરે તંત્રની મોડે મોડે આંખ ખુલતા કામગીરી કરવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા જર્જરિત મકાન તોડતા સમયે આસપાસની દુકાનો બંધ કરાવી હતી અને જેસીબીની મદદથી મકાન તોડી પડાયું હતું. સમગ્ર કાર્યવાહી દરમિયાન નગરપાલિકા ચીફ ઓફિસર અશ્વીનભાઇ વ્યાસ,પીજીવીસીએલ ટાઉન પ્લાનિંગ શાખાના અધિકારી, સેનિટેશન ઇન્સપેક્ટર કેતનભાઇ મકવાણા નગરપાલિકા સદસ્ય સહિતના સ્થળે હાજર રહ્યા હતા.

(ફોટો : જીતેન્દ્ર આચાર્ય)

# શહેરમાંથી સગીરાનું અપહરણ

## ભાઈની હોટેલમાં કામ કરતો પડધરીનો સાહિલ દીકરીનું અપહરણ કરી ગયાની માતાની પોલીસમાં ફરિયાદ

રાજકોટ મિરર તા.૨૪

શહેરમાં ટ્યુશનમાં જવા નીકળેલી ૧૫ વર્ષીય સગીરા ભેદી રીતે લાપતા થતાં પ્રદ્યુમનનગર પોલીસે અજાણ્યાં શખસ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, જો કે માતાએ તેમની દીકરીને પડધરીનો સાહિલ ભગાડી ગયો હોવાનો આક્ષેપ કરતા પોલીસે ફરિયાદ નોંધી સગીરાની અને અપહરણ કરનાર ટપોરીની શોધખોળ હાથ ધરી છે. પતિ સાથે છૂટાછેડા લઈ બંને બાળકો સાથે રેલનગરમાં પિતાની ઘરે રહેતી મહિલાએ પ્રનગર પોલીસમાં ફરિયાદ કરી જણાવ્યું છે કે, ગત તા.૨૨/૦૨/૨૦૨૫ના સવારે આઠ વાગ્યા આસપાસ તેમનો દીકરો અને દીકરી બંને ટ્યુશનમાં જવા નીકળ્યા હતા. સવારના ૯ વાગ્યાની આસપાસ ટ્યુશન કલાસીસમાંથી શિક્ષકનો ફોન આવેલ કે, તમારી દીકરી કેમ ટ્યુશન આવેલ નથી ? ત્યારે તેમને કહ્યું કે, મારી દીકરીને સવારે જ મેં ટ્યુશનમાં નીકળેલી છે. જેથી, તેઓ તુરંત ટ્યુશન કલાસીસ પર જઈને અને આસપાસ દીકરીની તપાસ કરતા દીકરીનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો.

આ બનાવ અંગેની ફરિયાદ પરથી પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી સગીરાની શોધખોળ હાથ ધરી છે. જો કે સગીરાની માતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતુંકે તેમની પુત્રી ટ્યુશનમાં જવા નીકળ્યા બાદ લાપતા બનતા તેમની ભાઈની હોટલમાં કામ કરતો પડધરીનો સાહિલ નામનો શખસ જ લલચાવી ફોસલાવી દીકરીને ભગાડી ગયો હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસે ગુન્હો નોંધી સાહિલ અને સગીરાની શોધખોળ હાથ ધરી છે.

# બાપુજીની પરવાનાવાળી રિવોલ્વર લઇ બહાર નીકળવાનું ભારે પડ્યું: અવિનાશ પકડાયો

## શહેર એસઓજીએ જુના માર્કેટ યાર્ડ પાસેથી ઝડપી લીધો




રાજકોટઃ ઘણા લોકો એવા હોય છે જેમને ફટાકડી લટકાવવાનો શોખ હોય છે. પરંતુ ઘણીવાર આવો શોખ પોલીસ સ્ટેશનની મહેમાનગતિ માણવાની તક આપી દે છે. આવુ જ કઇક શહેરના મોરબી રોડ ઓમ શાંતિ પાર્ક-૪માં રહેતાં અવિનાશ ધીરૂભાઇ ખોરાણી નામના ત્રેવીસ વર્ષના યુવાન સાથે બન્યું છે. આ યુવાન રિવોલ્વર, કાર્ટીસ સાથે નીકળતાં શહેર એસઓજીએ જુના માર્કેટ યાર્ડના ગેઇટ નં. ૧ની સામે આવેલા બગીચા બહારના રોડ પરથી પકડી લીધો હતો.

પોલીસે આ રિવોલ્વરના લાયસન્સ બારામાં પુછતાં તેણે પોતાના પિતાની લાયસન્સવાળી રિવોલ્વર હોવાનું અને પોતે શોખ ખાતર લઇને નીકળી ગયાનું રટણ કરતાં પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. અવિનાશ ગ્રાફિક પ્રિન્ટીંગનું કામ કરે છે અને તેના પિતા નિવૃત શિક્ષક છે અને ખેતી કરે છે. પિતાના નામની આ રિવોલ્વર હોઇ પોતે સીન જમાવવા માટે લટકાવીને નીકળ્યો હતો. એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ, હરદેવસિંહ સહિતે અવિનાશને પકડી લીધો હતો. વેબ્લી લખેલી રિવોલ્વર અને છ કાર્ટીસ તેની પાસેથી મળતાં તેની પાસે પરવાનો ન હોઇ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એમ. જાડેજાના માર્ગદર્શનમાં વધુ કાર્યવાહી હાથ ધરાઇ હતી.

# મેટોડા ઈન્ડસ્ટ્રીયલ જોબ ફેરનો લાભ લેતા ૪૭૫ નોકરી વાંચ્છુકો

## મેટોડા જીઆઇડીસી વસાહતમાં એસોસીએશન દ્વારા આયોજિત જોબ ફેરમાં ૮૦ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ રહ્યા હજાર



રાજકોટ મિરર, ખીરસરા તા.૨૪

ઇન્ડર્ટ્રીને તેમની જરૂરીયાત મુજબનું કુશળ માનવબળ મળી રહે એ હેતુસર જીઆઇડીસી (લોધીકા) ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશન મેટોડા જીઆઇડીસી ખાતે આવેલ તેમના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સરકારની વિવિધ ઔદ્યોગિક તાલીમ યોજના હેઠળ તાલીમાર્થીની નિઃશુલ્ક તાલીમ આપવાની કામગીરી કરી રહ્યુ છે. મેટોડા જીઆઇડીસી વસાહતની ઇન્ડસ્ટ્રીઝને ઘર આંગણે તેમની જરૂરીયાત મૂજબનાં મશીન ઓપરેટર, હેલ્પર,સપરવાઇઝર તેમજ એન્જીનીયર જેવું માનવબળ મળી રહે એ હેતુસર એસોસીએશન વર્ષમાં ૨ વાર જોબ ફેરનું આયોજન કરે છે. આ અનુસંધાને એસોસીએશનના પ્રમુખ નરેન્દ્રસિંગ જાડેજાનાં જણાવ્યા અનુસાર ગત તા. ૨૩ના રોજ એસોસીએશન કચેરી સેન્ટર ઓફ એક્સેલન્સ' જીઆઇડીસી મેટોડા ખાતે યોજાયેલ

૯ માં ઇન્ડસ્ટ્રીયલ જોબ ફેરમાં ૮૦ ઇન્ડસ્ટ્રીઝનાં પ્રતિનીધિઓ અને ૪૭૫ જેટલા નોકરી વાંચ્છ્કો ઇન્ટરવ્યુ માટે હાજર રહીને જોબની માહિતી મેળવી હતી.

કુવાડવાના બેટી રામપરાની વાડીમાંથી મળેલા બાળકના મૃતદેહે સર્જી દીધા રહસ્યના આટાપાટા

# ભેદભરમઃ ત્રણ વર્ષના માસુમ ફુલડાને કોણે મુરઝાવ્યુ ?

## બાળક કોનું? કોઇએ પાપ છુપવાવા ખોફનાક ઘટનાને અંજામ આપ્યો કે પછી કંઇક બીજુ જ થયું? ભેદ ઉકેલવા એરપોર્ટ પોલીસની ટીમો, એલસીબી કામે લાગ્યા

રાજકોટઃ રહસ્યના આટાપાટા સર્જતી એક ઘટનાએ પોલીસને ચકરાવે ચડાવી છે. કુવાડવાથી આગળ બેટી રામપરા ગામના પાટીયા પાસે વાડીના કૂવામાંથી માસુમ એવા ત્રણ વર્ષના બાળકની લાશ મળી આવતાં ચકચાર મચી ગઇ છે. આશરે બે કે ત્રણ દિવસ પહેલા બાળકનું મોત થયાનું લાશને જોતા જણાયું છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાતાં મોત ડૂબી જવાથી થયાની પ્રાથમિક શક્યતા જણાવાઇ છે. જો કે ચોક્કસ કારણ એફએસએલના રિપોર્ટ બાદ આવશે. આ બાળકનું મોત ગળાટૂંપાથી કે શ્વાસ રૂંધાવાથી થયું નથી, શરીર પર ઇજા પણ નથી. ત્યારે કોઇએ જીવતા જ તેને ફેંકી દીધું? રમતાં રમતાં પડી ગયું? કે પછી કોઇપણ રીતે હત્યા બાદ કૂવામાં લાશ નાંખી દેવાઇ? આ સહિતના સવાલોએ રહસ્ય સર્જી દીધુ છે. પોલીસ ભેદ ઉકેલવા મથામણ કરી રહી છે. ચકચાર અને રહસ્ય જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બેટી રામપરાના પાટીયા નજીક ભારત બેન્જ કંપનીના શો રૂમ સામે જયેશભાઇ બાંભણીયાની વાડીના કૂવામાં એક બાળકનો મૃતદેહ તરતો હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડ, એકસો આઠની ટીમ અને એરપોર્ટ પોલીસની ટીમોએ પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. બાળકનો મૃતદેહ બહાર કાઢીને જોતાં આશરે ત્રણથી ચાર વર્ષની ઉમર જણાઇ આવી હતી. તેમજ મૃત્યુ આશરે બે દિવસ પહેલા થયાનો અંદાજ મૃતદેહને જોતાં લગાવાયો હતો.

પોલીસ સુત્રોન કહેવા અનુસાર મોતને ભેટેલા આ બાળકે દુધીયા જેવા કલરનું ટી-શર્ટ, કાળા કલરની ચડ્ડી પહેર્યા છે. તેમજ બંને હાથમાં કાળા કલરની કડલી પહેરેલી છે. મૃતદેહનું રાજકોટ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું છે. હાલ બાળકના મોતનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પરંતુ ડુબી જતાં મૃત્યુ થયાનું કહી શકાય. બાળકને ગળાટુંપો અપાયો કે શ્વાસ રૂંધાયો હોય તેવુ પણ પ્રાથમિક તપાસમાં ખુલ્યું નથી. તેમજ શરીર પર ઇજા પણ મળી આવી નથી. ત્યારે આ બાળકનું મોત કઇ રીતે થયું ? બાળક કોનું છે? આ સહિતના સવાલો ઉભા થયા હોઇ તેના જવાબો મેળવવા, ઘટનાનો ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર ઇલાબેન એન. સાવલીયા, પીએસઆઇ એસ. એસ. જાડેજાએ ટીમો બનાવી બાળકની ઓળખ મેળવવા તપાસ આદરી છે. આસપાસના પંથકમાં, ગામોમાં બાળકના ફોટા સાથેની વિગતો મારફત તેની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે અને મજૂરોની પુછતાછ શરૂ કરી હતી.

તસ્વીરમાં દેખાતા બાળકના કોઇ વાલીવારસ, પરિચીત હોય તો પીઆઇ આઇ. એન. સાવલીયા (મો. ૯૯૭૮૮ ૨૨૯૮૯) અથવા પીએસઆઇ એસ. એસ. જાડેજા (મો. ૯૬૨૪૨ ૬૭૮૭૬) ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું. કૂવામાંથી માસુમ ફૂલડા જેવા બાળકની લાશ મળવાની આ ઘટનાને સમગ્ર કુવાડવા પંથક, આસપાસના ગામોમાં ચકચાર જગાવી દીધી છે.



અપમૃત્યુની અન્ય એક ઘટનામાં આઠ મહિનાના બાળકને તાવ ભરખી ગયોઃ એક વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ થયું

અપમૃત્યુની બીજી એક ઘટનામાં નવજાત બાળકનું તાવને કારણે મૃત્યુ થયુ છે. શહેરમાં રોગચાળો કાબુમાં આવ્યાના ગાણા ગવાઇ રહ્યા છે એ વચ્ચે આઠ મહિનાના બાળકનું તાવથી મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. રૈયા રોડ પર વૈશાલીનગરમાં રહેતાં બાલાભાઇ સોહલાનો આઠ મહિનાનો પુત્ર વનરાજ બેભાન થઇ જતાં મોત થતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બાલાભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં બે પુત્ર પૈકી વનરાજ નાનો હતો. બે ત્રણ દિવસથી તાવ આવતો હોઇ શનિવારે બેભાન થઇ જતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાયેલ. પરંતુ સારવારમાં દમ તોડી દીધો હતો. ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે અપમૃત્યુના અન્ય એક બનાવમાં સામા કાંઠે રાજારામ સોસાયટીમાં રહેતાં છાંસઠ વર્ષના શીવજીભાઇ ભીખાભાઇ સાકરીયા ઘરે બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં બી-ડિવીઝન પોલીસ મથકના કેતનભાઇ મકવાણાએ કાર્યવાહી કરી હતી. મૃતક નિવૃત શિક્ષક હતાં અને સંતાનમાં એક પુત્ર છે શીવજીભાઇને ડાયાબીટીસ હોઇ શ્વાસ ચડ્યા બાદ બેભાન થઇ ગયા હતાં અને મૃત્યુ થયાનું તપાસમાં બહાર આવ્યું હતું. આ બનાવોને કારણે જે તે હતભાગી મૃતકના પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો.

### હોળી-ધૂળેટીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બૂટલેગરો પણ રંગમાં આવી ગયા

# ચોખા-બટાટાના બાચકા નીચે છુપાવ્યો'તો ૩૫ લાખનો દારૂ

## રાજકોટ એલસીબી ઝોન-૧ ટીમે બામણબોર ચેકપોસ્ટથી બે ટ્રક સાથે બંનેના ચાલક અને કારમાં પાયલોટીંગ કરી રહેલા ભાણવડ પંથકના બૂટલેગર, સાગ્રીતને દબોચ્યાઃ પાંચસ લાખનો મુદ્દામાલ કબ્જે

રાજકોટઃ આગામી દિવસોમાં હોળી-ધૂળેટીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે નવા જુના બૂટલેગરો પણ કમાઇ લેવાના ઈરાદા સાથે મેદાનમાં આવી ગયા છે. જો કે હવે એક નવી સિસ્ટમ ચાલુ થઇ છે તે મુજબ બહારના રાજ્યના સપ્લાયરો માલ મોકલાવે તેના બદલે ખુબ બૂટલેગર જ જે તે રાજ્યમાં જઇને વાહનોમાં માલ ભરાવી રવાના કરી પોતે અલગથી રવાના થાય અથવા તો જે તે ગાડીનું પેટ્રોલીંગ કરીને આવે તેવો ટ્રેન્ડ શરૂ થયો છે. આ મુજબ જ ભાણવડ પંથકનો બૂટલેગર હરિયાણાથી બે ટ્રક દારૂ ભરી કારથી પાયલોટીંગ કરીને છેક રાજકોટના બામણબોર સુધી પહોંચી ગયો હતો. પાંત્રીસ લાખથી વધુનો દારૂ આ બંને ગાડીઓમાં બટાટા, ચોખાના બાચકા પાછળ છુપાવાયો હતો. આ દારૂ ભાણવડ પહોંચે એ પહેલા રાજકોટ એલસીબી ઝોન-૧ની ટીમે બામણબોર ચેકપોસ્ટ નજીક પકડી લઇ ચાર શખ્સોની ધરપકડ કરી હતી.

હોળી ધૂળેટીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બહારના અને સ્થાનીક બૂટલેગરો મેદાને આવી ગયા છે. દરમિયાન શહેરની એલસીબી ઝોન-૧ ટીમે ચોક્કસ બાતમી પરથી બામણબોર નજીકથી દારૂનો જથ્થો ભરેલા બે ટ્રક ઝડપી લઇ બે ડ્રાઇવરને અને આ ટ્રકનું કારથી પાયલોટીંગ કરી રહેલા ભાણવડ પંથકના બુટલેગર સહિત બે જણાને પકડી લીધા છે. છેક હરિયાણાથી આ બંને ટ્રકમાં કુલ રૂા. ૩૫,૪૫,૪૪૯૬નો દારૂ ભરવામાં આવ્યો હતો. દારૂની પેટીઓ બટાટાની ગુણીઓ અને ચોખાની ગુણીઓ પાછળ છુપાવી રખાઇ હતી. પોલીસે દારૂ, બે ટ્રક, કાર, મોબાઇલ ફોન મળી રૂા. ૬૫,૬૭,૪૯૬નો મુદ્દામાલ કબ્જે કરી વિશેષ તપાસ શરૂ કરી છે.



સપ્લાયર નહિ ડાયરેક્ટ બૂટલેગર જ હરિયાણાથી બંને ટ્રકમાં દારૂનો જથ્થો ભરી રવાના થયોઃ છેક રાજકોટ સુધી પહોંચ્યો ત્યાં સુધી કોઇને ગંધ ન આવીઃ ભાણવડ જથ્થો પહોંચે એ પહેલા પકડાઇ ગયો

હોળી-ધૂળેટીનો તહેવાર આવી રહ્યો હોઇ દારૂની રેલમછેલને રોકવા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સુચના આપી હોઇ એલસીબી ઝોન-૧ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, કોન્સ. રવિરાજભાઇ પટગીરને બાતમી મળતાં બામણબોર ચેક પોસ્ટ નજીક વોચ રાખી હતી. બાતમી મુજબના બે ટ્રક જીજે૧૦ઝેડ-૯૮૨૧ અને જીજે૧૦બીવી-૮૭૯૨ આંતરી લેવાયા હતાં.

તેમજ આ બંને ટ્રકનું પાઇલોટીંગ કરી રહેલી સફેદ રંગની કીયા કાર જીજે૨૫બીએ-૦૦૧૦ પણ આંતરી લેવાઇ હતી. ટ્રક ન. ૯૮૨૧માં ડ્રાઇવીંગ સીટ પર બેઠેલા શખ્સે પોતાનું નામ દાસા સુખાભાઇ કોડીયાતર (રહે. બાવરવા જી. પોરબંદર ) અને ટ્રક નં. ૫૭૯૨માં ડ્રાઇવીંગ સીટ પર બેઠેલા શખ્સે પોતાનું નામ ભીખુ રૂપસંગભાઇ સોલંકી (રહે. રાણપર તા. ભાણવડ જી. દેવભુમિ દ્વારકા) જણાવ્યુ.હતું. દાસાના ટ્રકમાં પાછળ ઠાઠામાં ચેક કરતાં પ્લાસ્ટીકની તાડપત્રી પાછળ બટેટાની બોરીઓની પાછળથી દારૂરૂની પેટીઓ મળી આવી હતી. જ્યારે ભીખુના ટ્રકના ઠાઠામાં જોતાં તેણે પણ તાડપત્રી નીચે ચોખાના બાચકાની પાછળ ાદરૂની પેટીઓ છુપાવેલી રાખી હોઇ તે મળી આવી હતી. પોલીસે બંને ટ્રકમાંથી રૂા. ૩૫,૪૬,૪૯૬નો દારૂ, રૂા. ૩૦ લાખના બે ટ્રક, એક કાર, રૂા. ૨૫ હજારના મોબાઇલ ફોન મળી રૂા. ૬૫,૬૭,૪૯૬નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. કારમાંથી ચાલક ઘેલુ જગાભાઇ કોડીયાતર (રહે. રાણપર તા. ભાણવડ) અને સાથે બેઠેલા શખ્સ સુરા ભાયાભાઇ મોરી (રહે. ફુલીવાવ નેસ નાગકા તા. પોરબંદર)ને પકડી લેવાયા હતાં.

ટ્રકચાલકોના કહેવા મુજબ ઘેલુએ તેમને હરિયાણાથી બટેટા, ચોખાની આડમાં દારૂનો જથ્થો ભરી આપ્યો હતો અને બંને આગળ પાયલોટીંગ કરતાં હતાં. આ દારૂ પોરબંદર, ભાણવડ તરફ લઇ જવાનો હતો. પોલીસે રોયલ સ્ટેગ, મેકડોવેલ્સ નંબર-૧, રોયલ ચેલેન્જ, ઓલ સીઝન બ્રાન્ડની દારૂની પેટીઓ કબ્જે કરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીરે આ કામગીરી કરી હતી. સુત્રધાર ઘેલુએ આ બંને ટ્રક છેક હરિયાણાથી રવાના કરાવ્યા હતાં. આગળ પોતે કારથી પાયલોટીંગ કરતો હતો. હરિયાણાથી દારૂ છેક રાજકોટ સુધી પહોંચી ગયો ત્યાં સુધી બીજી કોઇપણ ચેકપોસ્ટ પર કે બીજી પોલીસને આ ટ્રકોમાં દારૂ છે તેવી ખબર પડી નહોતી. રાજકોટ એલસીબી ઝોન-૧ને પાક્કી માહિતી મળી હતી અને લાખોનો દારૂ ઝડપાઇ ગયો હતો. હવે ખુબ બૂટલેગર જ જે તે રાજ્યમાંથી દારૂ ભરી આવતો હોવાનો આ બીજો કિસ્સો સામે આવ્યો છે.

# પરિવાર સાથે કુંભસ્નાન કર્યા પછી રાજકોટના કારખાનેદારની 'અંતિમ વિદાય'

## રાજકોટ આવવા નીકળ્યા અને શ્રીનાથદ્વારા હોલ્ટ થયા ત્યારે હૃદય દગો દઇ ગયુંઃ જુના સુભાષનગરના પઢીયાર પરિવારમાં ગમગીની

રાજકોટઃ જિંદગી ગમે ત્યારે ગમે તે સ્થળે ખતમ થઇ જતી હોય છે. શહેરના એક કારખાનેદાર સાથે આવુ જ બન્યું હતું. પ્રયાગરાજ ખાતે પત્નિ, વેવાઇ, વેવાણ સાથે કુંભસ્નાન કરીને રાજકોટ પરત ફરતી વખતે શ્રીનાથદ્વારામાં રોકાણ વખતે આ કારખાનેદારનું હૃદય ધબકારા ચુકી જતાં તેમની જિંદગીની સફરનો અંત આવી જતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.




વિગતો જોઇએ તોકોઠારીયા રોડ પર નંદા હોલ નજીક જુના સુભાષનગર-૬ નવનીત હોલ પાછળ રહેતાં ચોસઠ વર્ષના પ્રવિણસિંહ નારૂભા પઢીયાર નામના ગુર્જર રાજપૂત કારખાનેદાર પ્રયાગરાજ ખાતે કુંભ સ્નાન કરી પરત રાજકોટ આવવા નીકળ્યા ત્યારે ગત રાતે શ્રીનાથદ્વારા ખાતે રોકાણ વખતે હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વધુ વિગતો અનુસાર જુના સુભાષનગરમાં પ્રવિણસિંહ પઢીયાર ગયા બુધવારે પોતાના ધર્મપત્નિ નનકુબા, વેવાઇ સિધ્ધરાજસિંહ પરમાર, વેવાણ નીતાબા સાથે પોતાની કારમાં પ્રયાગરાજ કુંભ સ્નાન કરવા ગયા હતાં. સ્નાન કરી ચારેય ત્યાંથી ગઇકાલે પરત આવતી વખતે શ્રીનાથદ્વારા પટેલ સમાજ ખાતે રોકાયા હતાં. સોમવારે સવારે તેઓ પરત રાજકોટ આવવા નીકળવાના હતાં. રાતે નવેક વાગ્યે રાજકોટ પરિવારજનો સાથે વાત પણ કરી હતી.

ત્યારપછી અચાનક બેભાન થઇ ઢળી પડતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવને પગલે પટેલ સમાજમાં જ રોકાયેલા અને કુંભ સ્નાન કરી પરત આવી રહેલા રાજકોટના સેવાભાવી માલધારી સમાજના આગેવાન રાજુભાઇ ઝુંઝા, ચનાભાઇ ગોહેલ, મછાભાઇ ગોહેલ સહિતના મદદે દોડી ગયા હતાં. મૃતકના પરિવારજનોએ મદદરૂપ થયા હતાં અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવડાવી, એમ્બ્યુલન્સ સહિતની વ્યવસ્થા કરાવી મદદરૂપ થયા હતાં. મૃત્યુ પામનાર પ્રવિણસિંહ પઢીયાર ચાર ભાઇમાં ત્રીજા હતાં અને અટીકામાં વોચકેસનું કારખાનુ ચલાવતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. મોભીની ઓચીંતી વિદાયથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

# સોમનાથમાં "હર હર મહાદેવ" નાટક નિહાળતા મુખ્યમંત્રી

## સોમનાથનો ઈતિહાસ તાદ્રશ્ય કરતા નાટક ડો. સોનલ માનસિંહ દ્વારા પ્રસ્તુતિ





રાજકોટ મિરર, તા.૨૪

કલા દ્વારા આરાધનાના 'સોમનાથ મહોત્સવ'ના પ્રથમ દિવસે પદ્મવિભૂષણથી સન્માનિત ડો. સોનલ માનસિંહે સોમનાથનો ઈતિહાસ તાદ્રશ્ય કરાવતા 'હર હર મહાદેવ' નાટકની પ્રસ્તુતિ રજૂ કરી હતી.

સાંસ્કૃતિક અને આધ્યાત્મિકતાસભર આ પ્રસ્તુતિને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ માણી હતી. ભગવાન સોમનાથના ઈતિહાસ અને મહાદેવના જીવન-કવનને પ્રતિબિંબિત કરતું અદ્વિતીય નૃત્ય-નાટક 'હર હર મહાદેવ'ની પ્રસ્તુતિમાં ભગવાન શિવની મહાગાથાનું આલેખન કરાયું હતું. ભક્તિ, સંગીત અને વાર્તા કથનના માધ્યમથી 'ગંગા અવતરણ', 'શિવ તાંડવ' સહિતની રચનાઓથી ડો. સોનલ માનસિંહ અને સમગ્ર ટીમે શિવ સ્વરૂપને જીવંત બનાવ્યું હતું.

આ તકે, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે .ડી પરમાર, પ્રવાસન અને દેવસ્થાન વિભાગના સચિવ રાજેન્દ્રકુમાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન રમેશ મેરજા, અગ્રણીઓ ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પીઠિયા, રાજશીભાઈ જોટવા, માનસિંહભાઈ પરમાર, જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા, સોમનાથ ટ્રસ્ટના પ્રતિનિધિઓ, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# દારૂની ૧૪૪ બોટલ સાથે એક ઝડપાયો

## રૂ. ૯૮ હજારનો મુદ્દામાલ કબજે કરતી પી.સી.બી અને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ

રાજકોટ મિરર તા.૨૪

શહેરમાં ૨ સ્થળોએ દારૂ દરોડામાં પોલીસે દારૂની ૧૪૪ બોટલ કબજે કરી એકને દબોચી લીધો હતો જ્યારે અન્ય એક બાઈક ચાલકની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પી.સી.બી. પોલીસના એ.એસ.આઈ. મહિપાલસિંહ ઝાલા, હેડ. કોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ સહીતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નંબર ૩ પાસે પહોચતા બાતમી મળી હતી કે લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી ૩માં જી.જે. ૦૩ પી.સી. ૨૯૭૯ નંબરનું એક બાઈક પડ્યું છે અને તેમાં વિદેશી દારૂની બોટલો છે. બાતમી બાદ પોલીસે દરોડો પડતા બાઈકમાં આગળ પગ રાખવાની જગ્યાએથી વિદેશી દારૂની ૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલો અને બાઈક મળી રૂ. ૯૧,૨૮૦નો મુદ્દામાલ કબજે થોરાળા પોલીસ મથકમાં ગુન્હો નોંધી બાઈક ચાલકની ચાલકની શોધખોળ આદરી છે.

બીજા દરોડા ગાંધીગ્રામ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલો પ્રતાપસિંહ મોયા, દિવ્યરાજ સિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમ્યાન મુંજકા ચોકડી પાસે પહોંચતા બાતમી મળી હતી કે મુંજકા ચોકડીથી આગળ વિશ્વા પાર્ટી પ્લોટ તરફ જતા રસ્તે પુલના છેડે એક શખ્શ વિદેશી દારૂની બોટલો સાથે ઉભો છે. પોલીસે ત્યાં પહોચી તપાસ કરતા વર્તમાન વીલા બ્લોક નંબર ૧૦ એસ.આર.પી કેમ્પ પાસે રહેતા હિરેન રસિકભાઈ પંડ્યાને દબોચી તપાસ કરતા પોલીસના હાથમાં રૂ. ૬, ૭૨૦ ની કિમતની ૪૮ બોટલ હાથ લાગી હતી. પોલીસે હિરેન સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખામટા નજીક કારે બાઈકને અડફેટે લેતા પ્રૌઢનું મોત

## અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂદ્ધ પડધરી પોલીસમાં ગુન્હો



રાજકોટ મિરર તા.૨૪

જામનગર-રાજકોટ હાઈવે પર પડધરીના ખામટા ગામના બસ સ્ટેન્ડ પાસે કારે બાઈકને અડફેટે લેતા દેવાળીયા ગામના રામજીભાઈનું મોત નિપજયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ રઘુવીર પાર્ક પાટીદાર ચોક સાધુ વાસવાણી રોડ પર રહેતા (મૂળ રહે. દેપાળિયા તા. પડધરીના હેતલ કુમાર રામજીભાઈ સોલંકીએ પડધરી પોલીસમાં પોતાના પિતાને હડફેટે લઈને અજાણ્યા વાહન ચાલકે મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા. ૨૧ ના રોજ રામજીભાઈ સોલંકી બાઈક લઈને ખેતરેથી ઘરે આવતા હતા ત્યારે પડધરીના ખામટા નજીક જામનગર તરફથી પુરપાટ ઝડપે પસાર થયેલી જીજે ૩૪ એચ ૪૦૬૩ નંબરની કાર ચાલકે બાઈકને હડફેટે લેતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

દરમિયાન પિતાને પી.એમ માટે પડધરી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. મૃતકની વિધિ પૂરી થયા બાદ તેઓએ મો.સા. સાથે અકસ્માત કરનાર ઉપરોક્ત કાર ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરતા પડધરી પોલીસે કારચાલકની શોધખોળ આદરી છે.

છેલ્લા એક સપ્તાહમાં રોડ અકસ્માતમાં અનેકવિધ ગંભીર ઘટનાઓ ઘટી છે ત્યારે આ અંગે ટ્રાફીક પોલીસ દ્વારા કોઈ નક્કર ઝુંબેશ ચલાવવામાં આવે તે ખુબ જરૂરી છે. કારણ કે હાલ શહેરમાં દ્વીચક્રી વાહનો તથા કાર ચાલકો બેફામ બન્યા છે ત્યારે રાહદારીઓની સલામતી ન જોખમાઈ તે માટે પોલીસ વિભાગે નક્કર પગલાં લેવા જરૂરી છે.

દુઃખદ અવસાન – બેસણું



સ્વ.ભૂપેન્દ્રસિંહજી કરણસિંહજી જાડેજા
સ્વ.તા.૨૩-૦૨-૨૦૨૫, રવિવાર

દિલગીરી સાથ જણાવવાનું કે, શ્રી ભૂપેન્દ્રસિંહજી કરણસિંહજી જાડેજા નું તા.૨૩-૦૨-૨૦૨૫, રવિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

॥ સદ્‌ગતનું બેસણું ॥
તા.૨૭-૦૨-૨૦૨૫ ને ગુરૂવારના રોજ સાંજે ૩:૦૦ થી ૬:૦૦
॥ સદ્‌ગતની ઉત્તરક્રિયા ॥
તા.૦૧-૦૩-૨૦૨૫ ને શનિવારના રોજ રાખેલ છે.
ગામ : ધ્રાફા, તા.જામજોધપુર, જી.જામનગર મુકામે રાખેલ છે.

કિશોરસિંહજી કરણસિંહજી જાડેજા

અનિરૂધ્ધસિંહજી નવલસિંહજી જાડેજા
રાજેન્દ્રસિંહજી કિશોરસિંહજી જાડેજા
સંજયસિંહજી અનિરૂધ્ધસિંહજી જાડેજા
ડો.હરપાલસિંહજી કિશોરસિંહજી જાડેજા

વિશ્વરાજસિંહજી ભુપેન્દ્રસિંહજી જાડેજા
વિજયસિંહજી અનિરૂધ્ધસિંહજી જાડેજા
જયપાલસિંહજી હમીરસિંહજી જાડેજા
ક્રિપાલસિંહજી હમીરસિંહજી જાડેજા

સમગ્ર જાડેજા (જસાણી) પરિવાર ધ્રાફા

Prashant - 98243 98336

# થોરાળા પોલીસે નાગરિકોને રાજી કર્યાઃ ગુમાવેલા નાણા, મોબાઈલ પાછા મળતાં સૌ રાજી રાજી

## ફ્રોડથી ગયેલા નાણા, ચોરાયેલા-ખોવાયેલા ફોન 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ પરત અપાયા




રાજકોટઃ શહેર પોલીસ દ્વારા સમયાંતરે લોકોએ ઠગાઈથી ગુમાવેલા નાણા અને ખોવાયેલા ચોરાયેલા મોબાઈલ ફોન શોધીને પરત આપવાની કામગીરી કરવામાં આવે છે. તેરા તુજકો અર્પણ હેઠળ શહેર થોરાળા પોલીસ સ્ટેશન દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. જેમાં સાયબર ફ્રોડમાં અરજદારોએ ગુમાવેલ રૂા. ૧,૬૬,૦૦૦ તથા રૂા. ૧,૨૩,૦૦૦ના ૮ મોબાઈલ ફોન પરત અપાયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પોલીસ ઈન્સ્પેક્ટર એન. જી. વાઘેલા, પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, કોન્સ. દિનેશભાઈ વાળાની ટીમે આ કામગીરી કરી હતી.

પોતાના ગુમાવેલા નાણા અને મોબાઈલ ફોન પરત મળતાં નાગરિકોએ થોરાળા પોલીસની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાયબર ટેરરિઝમમાં ગુન્હો નોંધાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય



## ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા કાર્યવાહી કરાવી શરૂ : વિધાનસભા સત્રમાં મુદ્દો ચર્ચાયો, મુખ્ય આરોપીએ છેલ્લા બે મહિનામાં ૫૦,૦૦૦ થી વધુ સીસીટીવી કેમેરા કર્યા હતા હેક

રાજકોટ, તા. ૨૪

હાલ ગાંધીનગર ખાતે વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે તેમાં રાજકોટની ખાનગી મેટર નીતિ હોસ્પિટલમાં જે મહિલા દર્દીઓની સારવારના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા તે ઘટના અત્યંત ગંભીર હોવાના પગલે રાજ્ય સરકાર દ્વારા તાકીદે તપાસ હાથ ધરવામાં આવી એટલું જ નહીં વિધાનસભામાં આ મુદ્દો ગાજતા જ ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે જે ઘટના સામે આવી તેમાં લાગ્યું કે પ્રાથમિક તબક્કે બે થી ચાર લોકોની સંડોવણી હોઈ શકે છે પરંતુ આ અંગે જ્યારે ગંભીરતાપૂર્વક અને લાંબો અભ્યાસ કરવામાં આવ્યો તો આ દેશનું સૌથી મોટું નેટવર્ક તરીકે પ્રસ્થાપિત થયું ત્યારે ગુજરાત પોલીસની તત્પરતા અને કુન્હે એના પગલે જે માસ્ટર માઈન્ડ છે તેને પકડી પાડવામાં આવ્યો છે.

વાસ્તવિકતા એ પણ છે કે હોસ્પિટલના સંચાલકો અને બે થી ચાર કર્મચારીઓ સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવા પોલીસે તમામ ચક્રો ગતિમાન કર્યા હતા અને તેમાં તેઓને સફળતા પણ મળી પરંતુ આ પ્રકારના કેસ ભૂતકાળ બને તે માટે મુખ્યમંત્રી દ્વારા આ મુદ્દાને અત્યંત ગંભીરતાથી લેવા માટે જણાવ્યું અને જેના ભાગરૂપે સૌથી મોટા નેટવર્કનો પર્દાફાશ થયો.સૌ પ્રથમ વખત સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય બન્યું.

**વિવિધ દેશોના VPN નો ઉપયોગ કરી આરોપીઓ પોતાની છુપાવતા હતા ઓળખ**

ટેકનોલોજીના આ યુગમાં સામાન્ય બેદરકારી પણ બહુ મોટુ નુકશાન કરી શકે છે ત્યારે સીસીટીવી કેમેરા સાથે જોડેલા વાઈફાઈનો ઓપન કે વીક પાસવર્ડ તથા નબળા સિક્યુરીટી સેટીંગ હેકર્સ માટે વિડીયો હેક કરવા આસાન કરી દે છે. ટેક્નોલોજીની કેટલીક એરરનો આવા તત્વો લાભ લેતા હોય છે. હર્ષ સંઘવીએ ઘટનાક્રમની વિગતો આપતા કહ્યુ કે, તા.૧૭મી ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ સાંજે ટેલિગ્રામ ગ્રુપમાં કોઇ હોસ્પીટલ, રૂમના સ્ત્રી દર્દીના ઇંજેક્શન અને એકઝામીનેશનને લગતા વિડીયો અપલોડ થયાની બાબત ધ્યાને આવતા મહિલાઓની સુરક્ષાની ગંભીરતા લઈને તાત્કાલિક અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં સામેથી પોલીસે ફરીયાદી બનીને એફ આઇ આર દાખલ કરી હતી. તપાસમાં રાજકોટનો બનાવ હોવાની બાબત ધ્યાને આવતા ટીમ મોકલીને તાત્કાલીક એનાલીસીસ કરાવી લેવાયુ. પોલીસે કરેલી બારીક તપાસ અંગે મંત્રીએ ઉમેર્યુ કે, ગુજરાત પોલીસે આ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરીને પોતે એક ગ્રાહકની માફક ટેલિગ્રામ ગ્રુપના સભ્ય બનીને તે ગ્રુપમાં જોડાઈને એકત્ર કરેલી માહિતીને આધારે મુખ્ય સુત્રધારો સુધી પહોંચી પોલીસે મહારાષ્ટ્રના સાંગલી, લાતુર અને યુ.પીના પ્રયાગરાજ અલગ-અલગ ટીમો મોકલીને ૩ હજાર કિ.મી દૂરથી આરોપીઓને ૪૮ કલાકમાં દબોચી લીધા. એટલુ જ નહિ, સીસીટીવી લીકિજ કેસોમાં સૌ પ્રથમ વખત સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે. રાજ્ય સરકાર દ્વારા આ કેસમાં સ્પે.પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક કરી ડે ટૂ ડે કેસ ચાલે તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા પણ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

સીસીટીવી હેક કરનાર આ આરોપીઓ યુરોપીયન દેશો એટલાન્ટા, રોમાનીયા, જ્યોર્જીયા, જાપાન જેવા દેશોના VPN ( Virtual Private Network ) નો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવતા હતા. ટેલીગ્રામ ગૃપમા આ લોકો ૨૨ અલગ અલગ ચેનલ ચલાવતા હતા અને અશ્લીલ વીડીયોના મેનુ કાર્ડ ગૃપમા રાખતા હતા. બે મુખ્ય હેકર્સે આશરે ૫૦ હજાર કરતા વધારે સીસીટીવી છેલ્લા આઠ મહીનામાં હેક કર્યા છે, આ વિડીયોઝ ભારતના તમામ રાજ્યના હતા. જેમા કોર્પોરેટ ઓફીસ, સ્કુલ, કોલેજ, મૂવી થીયેટર તથા ઘરના અંગત વિડીયોઝ આ લોકોએ હેક કર્યા છે.

પોલીસે તમામ આરોપીના બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કર્યા છે, ટેલીગ્રામ ચેનલ કે જેમા તમામ ગેરકાયદેસર પ્રવૃતિ ચાલે છે તેને પણ નોટીસ આપી છે.

તમામ સોશ્યલ મીડીયા ચેનલને આવા વિડીયો ન મૂકવા અને મૂક્યા હોય તો દૂર કરવા નોટીસ આપી છે.

# મવડીમાં ૧૭ કરોડની જગ્યા કરાવાઈ ખુલ્લી

## ૨૫૦૦ ચો.મી જગ્યા પર હાથ ધરાયું હતું દબાણ : કલેકટર વિભાગ દ્વારા કરાઈ કામગીરી

રાજકોટ, તા. ૨૪

ગૃહ વિભાગ દ્વારા જે વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી તેને ધ્યાને લઈ રાજકોટ જિલ્લા કલેકટર વિભાગ દ્વારા ડિમોલિશન કરવામાં આવ્યું અને કલેક્ટરના આદેશ મળતાની સાથે જ મવડી વિસ્તારમાં ૧૭ કરોડની સરકારી જમીન દબાણ મુક્ત કરવામાં આવી હતી. હાલ મહત્વનું એ છે કે સમગ્ર રાજ્યમાં એક વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેના ભાગરૂપે ઠેર ઠેર સરકારી જગ્યા પર જે દબાણ ખડકી દેવામાં આવ્યા હોય તેને દૂર કરવા માટે હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને ડિમોલિશન પણ હાથ ધરાય છે. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાની સાતો સાત જિલ્લા વહીવટી વિભાગ પાસે પણ આ અંગે નક્કર માહિતી હોવાના પગલે હાલ આગામી દિવસોમાં વિવિધ સ્થળ પર નરડા હાથ ધરવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

છેલ્લા ઘણા સમયથી એ વાત ઉપર સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાજકોટ જિલ્લામાં ઘણા ખરા દબાણો થયેલા છે જેને તાકીદે દૂર કરવા હવે ખુદ રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી ગયું છે. ત્યારે આ તમામ વાતને ધ્યાને લઈ રાજકોટ કલેકટર દ્વારા આદેશ કરવામાં આવ્યા અને શહેર અને જિલ્લામાં જે વિવિધ સ્થળ પર સરકારી કીમતી જગ્યાઓ પડેલી છે અને તેમાં જે દબાણો થયેલા છે તેને દૂર



કરવા માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અને ઝુંબેશના ભાગરૂપે કરોડો રૂપિયાની સરકારી જમીન ખુલ્લી પણ કરાવવામાં આવી રહી છે. રાજકોટ શહેર અને જિલ્લાની જો વાત કરવામાં આવે તો ગઈકાલે મવડી ગામમાં ૧૭ કરોડની કીમતી સરકારી જગ્યા પર જ દબાણો ખડકી દેવામાં આવ્યા હતા તે દબાણને દૂર કરવામાં આવ્યું છે અને જગ્યા ખોલી કરાવાઈ છે. બીજી મહત્વની વાત એ છે કે આ અંગે ભૂતકાળમાં સત્તા પક્ષ દ્વારા અનેક વખત મૌખિક જાણ કરવામાં આવી હતી કે જે દબાણ ખડકી દેવામાં આવ્યા છે તેને દૂર કરવામાં આવે અને છેલ્લે નોટિસ પણ પાઠવવામાં આવી હતી પરંતુ કોઈ પણ કારણસર દબાણ કરતા હોય નોટિસને ધ્યાને ન લેતા હાલ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી.. આગામી દિવસમાં પણ આ પ્રકારે જ વિવિધ સ્થળ ઉપર ડિમોલિશન હાથ ધરવામાં આવશે તેવું વહીવટી વિભાગ ના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉપરોક્ત સરકારી જમીન ઉપર લાંબા સમયથી જુદા જુદા લોકોએ ૪૫ જેટલા, કાચા-પાકા મકાનો ગેરકાયદે ખડકી દીધા હતા. દરમ્યાન તંત્રએ તાજેતરમાં જ આ દબાણકર્તાઓને નોટીસો પણ ફટકારી હતી. છતા નિયત મુદતમાં દબાણો નહીં હટાવાતા આજરોજ જિલ્લા કલેકટરની સુચના મુજબ દક્ષિણ મામલતદાર અને તેની ટીમે દબાણો હટાવી દીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે કલેકટર રાજકોટ પ્રભવ જોશીની સુચના અનુસાર પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ ડો.ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ મામલતદાર રાજકોટ શહેર દક્ષિણ એલ.બી. ઝાલા તથા નાયબ મામલતદાર ધવલ પરમાર તથા મવડી તલાટી સી.બી. કાનગડ, જે.એમ. ડાભી, બી.એમ. ઝાલા તાલુકા પોલીસ સ્ટેશન સ્ટાફ તથા રાજકોટ મ.ન.પા.ની ટીમ સાથે રાજકોટ શહેર દક્ષિણ વિસ્તારમાં મવડી ગામમાં પુષ્ટિવાટીકા પાસે ૮૦ ફૂટ રોડ સર્વે નં.૧૯૪ પૈકીની જમીન અંદાજે ૨૫૦૦ ચો. મી.માં દબાણ દુર કરી અંદાજીત ૧૭ કરોડ રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

### સેવાના નામે મેવા ખાઇ લેવાના કાવત્રાને અંજામ આપી હીન્ન કૃત્ય આચનારાની સતત તલાસ

# સમુહલગ્ન ચીટીંગનો ભેજાબાજ ચંદ્રેશ ચાંદ્રોલા પોલીસ પકડથી દૂર !

## અઠ્ઠાવીસ યુગલોને પરણવા બોલાવી છૂ થઇ જનારા ચંદ્રેશને કારણે સાથી કાર્યકરોને બનવું પડ્યું આરોપીઃ ચારના રિમાન્ડ પુરા થતાં જેલહવાલે થયા

રાજકોટઃ અમુક લેભાગુઓ એવા હોય છે જે ટુંકા રસ્તે માલદાર થવા માટે કોઈપણ રસ્તો અપનાવી લેતાં હોય છે. હિન્ન કૃત્ય કરતાં પણ આવા લોકો શરમાતા હોતાં નથી. કંઈક આવુ જ શહરેના ચંદ્રેશ છત્રોલાએ કર્યુ છે. સમુહલગ્નનું આયોજન કરી સેવાના નામે મેવા ખાવાનું કાવત્રુ ઘડી દાતાઓ પાસેથી લાખો રૂપિયા ઉઘરાવી અઠ્ઠાવીસ યુગલોને પરણવા માટે સમુહલગ્ન સ્થળે બોલાવી બાદમાં તેમને રઝળતા મુકી છૂમંતર થઈ ગયેલો ચંદ્રેશ પોલીસને ગોત્યો જડતો નથી. લાખો રૂપિયા તેણે અલગ અલગ દાતાઓ પાસેથી સેવાના કાર્યના નામે કાવત્રાના ભાગરૂપે મેળવી લીધા હતાં. તેના આ કૃત્યને કારણે ખરેખર સેવા કાર્યમાં મદદરૂપ થવાના આશયથી સામેલ થયેલા ચાર શખ્સો પણ આરોપી બનતાં જેલભેગા થવાની નોબત આવી હતી.



વિગતો જોઇએ તો શહેરના માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચે એડીબી હોટલ સામેના મેદાનમાં શનિવારે યોજાયેલા સમૂહલગ્ન આયોજકના કાવતરાથી અટકી પડ્યા હતા અને અઠ્ઠાવીસ જાન લીલા તોરણે પાછી ફરે તેવી સ્થિતિ નિર્માણ પામી હતી. શહેર પોલીસે માનવતા દાખવી લગ્ન કરાવી વરકન્યા માટે માવતરની ભૂમિકા ભજવી હતી. આ મામલે નોંધાયેલા ગુનામાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં એક દિવસના રિમાન્ડ મળ્યા હતાં. જો કે સુત્રધાર ચંદ્રેશ છત્રોલા હાથમાં ન આવતાં પોલીસે દોડધામ જેમની તેમ રાખી છે, પણ ચંદ્રેશ ગોત્યો જડતો ન હોઇ પોલીસની મુંજવણ વધી છે. ઋષિવંશી સમાજ સેવા સંઘ-રાજકોટ દ્વારા બાવીસમીએ શનિવારે સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવારે સવારે ચાર વાગ્યાથી કન્યાપક્ષના લોકો આવવા લાગ્યા હતા અને પાંચ વાગ્યાથી વરરાજા પણ પરિવાર સાથે પહોંચ્યા હતા. અઠ્ઠાવીસ યુગલ લગ્નગ્રંથિથી જોડાવાના હતા અને ચોતરફ ખુશીનો માહોલ હતો, પરંતુ સમૂહલગ્નનો મુખ્ય આયોજક ચંદ્રેશ જગદીશ છત્રોલા દેખાયો નહોતો અને આયોજન ભાંગી પડ્યું હતું. જાનૈયા માંડવીયાઓમાં લગ્નગીતોની રમઝટને બદલે દેકારો મચી ગયો હતો. ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર, એસીપી રાધિકા ભારાઇ, પીઆઇ વી. આર. વસાવા સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને પોલીસે વ્યવસ્થા સંભાળી લગ્નવિધિ કરાવી હતી. આ બનાવમાં શાપર-વેરાવળની શાંતિધામ સોસાયટીમાં રહેતા કાનજીભાઇ ટાટમિયા (ઉ.વ.૫૪)ની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે સમુહલગ્નના આયોજકો ચંદ્રેશ જગદીશ છત્રોલા, દિલીપ પ્રવીણ ગોહેલ, દીપક હિરાણી, હાર્દિક શીશાંગિયા, મનીષ વિઠ્ઠલાપરા અને દિલીપ વરસડા સામે છેતરપિંડી વિશ્વાસઘાત સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. એસઓજી પીઆઇ એસ. એમ. જાડેજા અને તેમની ટીમે શનિવારે જ દીપક દેવજી હિરાણી, મનીષ નટવરલાલ વિઠ્ઠલાપરા, દિલીપ ઉર્ફે દિલ્પેશ પ્રવીણ ગોહેલ અને દિલીપ ગીરધર વરસડાની ધરપકડ કરી હતી.

પોલીસે ચારેય આરોપીને રવિવારે રજૂ કરતા કોર્ટે ચારેયના એક દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. જે આજે પુરા થયા હતાં. પુછતાછમાં રિમાન્ડ પર રહેલા ચારેય આરોપીઓએ પોલીસ સમક્ષ કહ્યું હતું કે, સમૂહલગ્નના આયોજનમાં સેવાકીય ભાવનાના હેતુથી જોડાયા હતા. મુખ્ય આયોજક ચંદ્રેશ જગદીશ છત્રોલા છે, ચંદ્રેશ છત્રોલા જ બે મહિનાથી તમામ દાતાઓને મળતો હતો અને જે કંઇ રકમ મળતી હતી તેનો હિસાબ પણ ચંદ્રેશ જ રાખતો હતો. ચંદ્રેશે કેટલી રકમના ઉઘરાણા કર્યા?, કેટલી રકમનો ક્યાં ઉપયોગ કર્યો તે સહિતની તમામ બાબતો ચંદ્રેશ જ જાણતો હતો. પોલીસ હવે ચંદ્રેશને શોધી કાઢવા દોડધામ કરી રહી છે. દાન થકી તેણે લાખો રૂપિયા મેળવી લીધાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. ચંદ્રેશ સિવાય અન્ય એક આરોપી પણ પકડવાનો બાકી છે. જો કે કાવત્રાખોર ચંદ્રેશ હાથમાં આવે પછી જ સાચ્ચી વિગતો અને સાચ્ચો ઠગાઇનો આંકડો બહાર આવી શકે તેમ છે.

### સવાલ અનેક, જવાબ જડતો નથી

# મોજીલી મસ્તીલી બિન્દાસ્ત જીવન જીવતી રાધિકાને મરવું શું કામ પડ્યું?

## ‘તોફાની રાધા’ના આપઘાત પાછળનું કારણ શોધવા અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તપાસ ચલાવી રહી છે યુનિવર્સિટી પોલીસઃ ગોવાથી આવ્યા પછી શા માટે ગુમસુમ થઇ ગઇ હતી રાધિકા? કોલ ડિટેઇલ પર પોલીસને આશા

રાજકોટઃ શહેરના રૈયા રોડ પરના વિસ્તારમાં રહેતી ઈન્સ્ટાગ્રામ કવીન તરીકે ઓળખાતી તોફાની રાધા એટલે કે છવ્વીસ વર્ષિય યુવતિ રાધિકા હર્ષદભાઇ ધામેચાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાના બનાવમાં પોલીસે મૃતક યુવતીના પિતા સહિતના સ્વજનોના નિવેદન નોંધ્યા છે તેમજ મૃતકની કોલ ડિટેઇલ કઢાવવા હોય તેની કોલ ડીટેઈલ કઢાવવાની કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતક યુવતીના નજીકના એક ડઝનથી વધુ મિત્રોની પુછતાછ પણ કરવામાં આવી છે.



તોફાની રાધાએ અચાનક દુનિયા શા માટે છોડી દીધી? હમેંશા પોતાની મસ્તીમાં મસ્ત રહેતી, મોજીલી અને બિંદાસ્ત જિંદગી જીવતી આ તોફાની રાધા ગોવાથી આવ્યા પછી કેમ ગુમસુમ રહેતી હતી? એવુ તે શું બની ગયું કે તેને અચાનક દુનિયામાંથી વિદાય લઇ જિંદગીને જ શાંત કરી દેવી પડી? આ સવાલોએ હજુ પણ ભેદભરમની જાળ સર્જી રાખી છે.

શહેરના રૈયા રોડ પર તુલસી સુપર માર્કેટ સામે સિલ્વર કોમ્પલેક્સમાં રહેતી અને ઈન્સ્ટાગ્રામ કવીન તરીકે ઓળખાતી તોફાની રાધા ઉર્ફે રાધિકા હર્ષદભાઈ ધામેચા નામની યુવતીએ શુક્રવારે રાત્રીના તેના પિતા હર્ષદભાઈને ફોન કરી હું ઉપર જાઉં છું તેમ કહી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ફોનના પગલે રાધિકાના પિતા તાકીદે ઘેર પહોંચ્યા હતા પરંતુ તે પહેલા જ રાધિકાએ આ પગલું ભરી લીધાની જાણ થઈ હતી. આ બનાવ અંગેની જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલ તથા સ્ટાફે પહોંચી કાર્યાવહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ રાધિકા ત્રણ બહેન અને એક ભાઈમાં મોટી હતી. તોફાની રાધાના દસ વર્ષ પહેલા માયાણીનગરમાં રહેતા યુવાન સાથે લગ્ન થઈ ગયા હતા અને લગ્ન જીવન દરમિયાન એક પુત્રની પ્રાપ્તિ થઇ હતી. જો કે સાડા સાત વર્ષ બાદ પતિ સાથે છુટાછેડા થઈ જતા તેના પુત્રને પતિને સોપી એકલી રહેતી હતી. મૃતક રાધિકા ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા તરીકે ઓળખાતી હતી અને તેના ૪૬ હજારથી વધુ ફોલોઅર્સ ધરાવતી હતી.

અગાઉ તે અલગ અલગ કારણોસર પોલીસ ચોપડે પણ ચડી હતી. આપઘાતના થોડા દિવસ પહેલા જ તે ગોવા ગઈ હતી અને ત્યાંથી આવ્યા બાદ ગુમસુમ રહેતી હતી અને બાદમાં આ પગલું ભરી લીધાનું ખુલ્યું હતું. ગોવા કોણ કોણ ગયુ હતું? ત્યાં શું બન્યું હતું? શા માટે તેણી ગોવાથી આવ્યા પછી ઉદાસ રહેતી હતી? આ સહિતના મુદ્દે પણ તપાસ શરૂ થઇ છે અને ગોવાને લઇને સોશિયલ મિડીયામાં પણ અનેક વાતો વહેતી થઇ છે. પોલીસે તોફાની રાધાના પિતા હર્ષદભાઈ ધામેચા સહિતના નિવેદનો નોંધ્યા હતા તેમજ પોલીસે મોબાઈલ કબ્જે કરી કોલ ડીટેઈલ કઢાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત તેણીના બારથી વધુ ફ્રેન્ડની પણ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસે અલગ અલગ દિશામાં તપાસ યથાવત રાખી છે. તોફાની રાધાના મોતનું આપઘાતનું રહસ્ય ઉકેલવા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શનમાં પોલીસની ટીમો કામે લાગી છે.

# આલ્કોહોલ

# નશા શરાબ મેં હોતા તો નાચતી બોતલ...



## પ્રતિબંધ છતાં શોખીનોનો પાર નથીઃ શરાબ કરતા પણ તેની રસપ્રદ સ્ટોરીઃ ખૂબ જાણીતા પ્રવાહીની અજાણી વિગતોઃ વિશ્વભરમાં ૧૦,૦૦૦થી વધારે દારૂ બ્રાન્ડ્સઃ આલ્કોહોલની પ્રકૃતિ ગરમ કે ઠંડી? કુદરતી અને રાસાયણિક આલ્કોહોલ જાણોઃ દેશી-વિદેશીમાં શું તફાવત?ઃ રૂ.૨૦ની કોથળીથી માંડીને રૂ.૬ કરોડની એક બોટલ આપતી ડાલમોર બ્રાન્ડની વાતઃ અથ શ્રી આલ્કોહોલ કથા

**ગુજરાતમાં આલ્કોહોલિક પીણા પ્રતિબંધિત છે, તેની કથા પર પ્રતિબંધ નથી-ખુલ્લેઆમ વાંચજો**

નશો શરાબમાં હોય તો બોટલ પણ નાચવા લાગે... આવો અર્થ કવિને શોભે અથવા આવો અર્થ નશામાં ટલ્લી હોય તેને શોભે. મગજ બરાબર કામ કરતું હોય એ તુરંત જ કહી દે કે બોટલ નિર્જીવ છે, તથી તેમાં દારૂ ભર્યો હોય તો પણ તે નાચવા ન લાગે.

૧૯૮૪માં 'શરાબી' ફિલ્મ આવી હતી. તેમાં અંજાને લખેલું અને કિશોર કુમારે ગાયેલુ તથા અમિતાભ પર ફિલ્માવાયેલું ગીત 'લોગ કહેતે હૈ, મેં શરાબી હું' આજે પણ શોખીનોમાં પ્રિય છે. આ ગીતમાં કડી છે 'નશા શરાબ મેં હોતા તો નાચતી બોતલ'

નિર્જીવ બોટલ નાચે નહીં, તે સામાન્ય બાબત છે, પણ શબ્દોની દૂનિયામાં જાવ તો કવિ થોડા સાચા લાગે. નશો શરાબમાં નહીં પણ આલ્કોહોલમાં હોય છે. પિનારા મોટાભાગનાએ આલ્કોહોલ શબ્દ સાંભળ્યો હશે, પણ આલ્કોહોલને જાણનારા-સમજનારા, જૂજ હશે. નશાની દૂનિયામાં છવાયેલા આલ્કોહોલની કથા શરાબ કરતા પણ વધારે રસપ્રદ છે.

### અથઃ આલ્કોહોલ કથા

જે ગટગટાવવાથી મોજ આવી જાય છે એ આલ્કોહોલ મુખ્યત્વે બે પ્રકારે બને છે. કુદરતી આલ્કોહોલ અને કુત્રિમ એટલેકે રાસાયણિક આલ્કોહોલ. કાર્બોહાઈડ્રેટસ ધરાવતા ફળ અને અનાજમાં ચીસ્ટ એટલે કે વિશેષ પ્રકારની ફુગ ભેળવીને તેમાં આથો લાવવામાં આવે છે ત્યારે આલ્કોહોલ બને છે. આ પ્રક્રિયા કુદરતી ગણાય છે અને આ પ્રક્રિયા દ્વારા સદીઓથી આલ્કોહોલ બનાવવામાં આવે છે. જોકે આજે મોટાભાગના આલ્કોહોલિક પીણામાં રાસાયણિક આલ્કોહોલ વપરાય છે, જે વિવિધ કેમિકલ અને ચીસ્ટ-ફૂગ પ્રક્રિયાથી બને છે. કુદરતી અને રાસાયણિક બંને આલ્કોહોલનો એક ગુણ સમાન છે એ બંને નુકસાનકારક છે.

### કેવો આલ્કોહોલ ફાવશે?

લક્ષણોની દ્રષ્ટીએ આલ્કોહોલની વિવિધ પ્રકારો છે. આલ્કોહોલના વિવિધ પ્રકારો છે. આલ્કોહોલના મેનુનો શાબ્દિક સ્વાદ માણો. (૧) ઈથેનોલ : આ સામન્ય પ્રકારનો આલ્કોહોલ છે, જે પીણાઓમાં હોય છે. ઈથેનોલ અનાજ, ફળ, શાકભાજીના આથામાંથી બનાવવામાં આવે છે. (૨) મિથેનોલ : આ આલ્કોહોલ ગટગટાવો તો પાંચ-દસ મિનિટમાં મોતની ગેરંટી છે. મિથેનોલ પીવા માટે નથી, તે અખાદ્ય લાકડામાંથી બને છે. (૩) આઈસોપ્રોપીલ : આ આલ્કોહોલ જંતુનાશક ગણાય છે, સફાય માટે વાપરે છે. પીવામાં આવે તો જિંદગી 'સાફ' થઈ જાય. (૪) ગ્લીસરોલ : આ આલોકોહોલ સ્વાદમાં ગળ્યો અને જાડો હોય છે. જે ખોરાક, દવાઓ અને સૌન્દર્ય પ્રસાધનોમાં વપરાય છે. (૫) ફ્યુઝલ : આ આલ્કોહોલ ઈથેનોલની આડપેદાશ છે, તે પણ પીણાઓમાં વપરાય છે. આ ઉપરાંત બ્યુટાઈલ અને એમાઈલ પ્રકારના આલ્કોહોલ બને છે.

### સીરપનો પેગ!

ગુજરાતમાં બોટલ-કોથળી પડતી મુકીને ઘણાં સીરપના રવાડે ચઢ્યા છે. ખણખોદ કરવાથી માહિતી મળી કે દવા તરીકે ઉપયોગમાં લેવાતી કેટલીક સીરપમાં ઈથેનોલ નામનો આલ્કોહોલ હોય છે જોકે તેનું પ્રમાણ ઓછું હોય છે. સીરપમાં આલ્કોહોલની ભૂમિકા દ્રાવકનો હોય છે. દવાને ઓગાળવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત આલ્કોહોલથી સીરપની સેલ્ફલાઈફ વધે છે. કફ સીરપ ઉપરાંત કેટલાક આયુર્વેદિક સીરપોમાં અને કેટલી અન્ય પ્રવાહી દવાઓમાં આલ્કોહોલ હોય છે. કેટલીક ગેરકાયદે ઉત્પાદિત થતી સીરપોમાં ઝેરી આલ્કોહોલ હોઈ શકે છે. સીરપ પીણું નથી, કોઈ પણ સીરપ ગટગટાવતા પૂર્વે તબીબી સલાહ અનિવાર્ય છે. સીરપમાં પણ લટ્ઠાકાંડ જેવી ઘટના બની શકે છે.

### આલ્કોહોલ એટલે ફૂગ :

ફૂગ લાગી ગયેલો ખોરાક બગડી ગયો ગણાય, તેને ફેંકી દેવામાં આવે છે. આશ્ચર્ય થશે કે આલ્કોહોલ ફૂગના સ્વરૂપમાં જ ઉત્પન્ન થાય છે. આલ્કોહોલ બનાવવા ચીસ્ટ-સુક્ષ્મ ફૂગનો ઉપયોગ થાય છે. આથો લાવવાની પ્રક્રિયામાં ચીસ્ટ ખાંડને ઉપયોગમાં લેવાય છે. ફૂગ-ચીસ્ટના પણ વિવિધ પ્રકારો છે. સેકરોમીસીસ સેરેવિસીયા નામનો ફૂગનો ઉપયોગ બીયર, વાઈન બનાવવા માટે થાય છે. સેકરોમીસીસ પાસ્ટોરિયન્સ નામની ફુગથી બેગર બીયર બને છે. સેકરોમીસીસ એલિપ્સોઈડીયસ નામની ફૂગ વિશેષ પ્રકારની વાઈન બનાવવા વપરાય છે. કમાલ એ છે કે, ફૂગાયેલી ખાદ્ય સામગ્રી ફેંકી દેવામાં આવે છે અને ફૂગમાંથી બનતો દારૂ મોંઘાદાટ હોય તો પણ ખરીદાય છે!કેટલાક દારૂ ફળમાંથી બને છે, વાઈન દ્રાક્ષમાંથી બને છે. સાઈડર સફરજનમાંથી બને છે. પેરી નાસપતીમાંથી બને છે. બ્રાન્ડી ચેરી, પ્લમ, જરદાળુમાંથી બને છે જોકે આ બધામાં ફળને બદલે તેના આલ્કોહોલ એટલે કે ફુગ હોય છે.

### ટકાવારીથી સમજો

દારૂમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું હોય છે? ગટગટાવતા પહેલા જાણો કે પાંચ ટકાથી ૪૦ ટકા આલ્કોહોલ ધરાવતા દારૂ હોય છે. બિયરમાં ૪-૮ ટકા આલ્કોહોલ હોય. વાઈનમાં ૧૦ થી ૧૫ ટકા નશો હોય છે. વ્હીસ્કી,વોડકા, રમ વગેરેમાં ૪૦ ટકા સુધી આલ્કોહોલ હોય છે. આ બધું વિશ્વાસુ પ્રોડકટસમાં શકય છે. ઘણી દારૂ પ્રોડકટસમાં ટકાવારીના ઠેકાણા હોતા નથી. સાવધ રહેવું જરૂરી છે. ઘી-તેલ વગેરેમાં ભેળસેળ થાય છે. તેમ દારૂમાં પણ ભેળસેળીયા બેફામ છે.

### કડવો સ્વાદ-તમતમાટી

દારૂમાં વિવિધ ફલેવર્સ હોય છે, પણ આલ્કોહોલનો મૂળ સ્વાદ તીખો અને થોડો મીઠો હોય છે. શુધ્ધ આલ્કોહોલની સુગંધ તીવ્ર-તિક્ષ્ણ હોય છે. ઘણી વખત પીનારાને દારૂ કડવો લાગે છે. આ બાબત સામાન્ય નથી. ભેળસેળીયા અથવા હલ્કા દારૂના કારણે આવું બની શકે છે. જે લોકો કયારેક જ પીએ છે તેને દારૂ કડવો લાગે છે. લીવરની તકલીફ હોય તો પણ દારૂ કડવો લાગી શકે છે. નિષ્ણાંતો કહે છે કે કડવો સ્વાદ આવે તો સેવન ટાળવું અને તબીબી પરિક્ષણ કરાવવું જરૂરી છે.

દારૂ પીવાથી મોટાભાગનાને જીભમાં તમતમાટી થાય છે, તેના પણ ઘણા કારણો છે. આલ્કોહોલ જીભની સ્વાદગ્રંથિઓ અને ચેતાકોષોને તિવ્ર અસર કરે છે. જેનાથી બળતરા કે તમતમાટી થાય છે. ૪૦ ટકા આલ્કોહોલ ધરાવતો દારૂ તિવ્ર તમતમાટી કરે છે. ઘણા દારૂમાં મસાલા કે કાર્બોનેશન હોય છે., એ પણ તમતમાટી કરે છે. અતિ તમતમાટી થાય તો તબિયત દેખાડવા દોડજો.

### ઠંડીમેં ગરમીકા અહેસાસ !

પીને કા બહાના ચાહીએ... મોટાભાગના શોખીનો માને છે કે ઠંડી ઋતુમાં એક-બે પેગ મારી લેવાથી શરીરમાં ગરમાવો રહે છે. આ માન્યતા પુરેપુરી સાચી નથી. આલ્કોહોલના સેવન અંગે આયુર્વેદ કહે છે કે ગરમીનો અહેસાસ થવાનું કારણ દારૂ પીવાથી પીત વધે છે, એલોપથી પણ કહે છે કે, દારૂ પીવાથી ગરમી મળે તો તે ભ્રમ છે, દારૂ શરૂઆતમાં શરીરને ગરમ કરે છે, પણ થોડા સમયમાં શરીરનું તાપમાન ઘટી શકે છે. દારૂ મુત્રવર્ધક હોવાથી શરીરમાં પાણી ઘટાડવાનું કામ કરે છે. ઠંડકભરી ઋતુમાં વધારે પડતો દારૂ પીવાથી ડીહાઈડ્રેશન થઈ શકે છે. ગરમાવાના ભ્રમમાં ન રહેતા.

### રાજાપાઠનું વિજ્ઞાન

પાવલીનો પીધો અને રૂપિયાનો ચઢયો. આ દેશી કહેવત છે. પીધા પછી મોજે દરિયા થઈ જવા, લથડીયા ખાવા અને પોતાને દુનિયાના સમ્રાટ માનવા સુધીની હાસ્યાસ્પદ અસરો થતી હોય છે. આ સ્થિતીનું વિજ્ઞાન જાણવા જેવું છે. દારૂ જ્ઞાનતંતુઓને સીધી અસર કરે છે. આલ્કોહોલ નર્વસ સિસ્ટમ ડિપ્રેસન્ટ છે. તેનાથી મગજ અને કરોડરજ્જુની પ્રવૃતિ ધીમી થાય છે. મુડ, વર્તન, વિચાર અને લાગણીઓ પર તિવ્ર અસર થાય છે. બધાનું સંતુલન ખોરવાય છે. આ કારણે લથડીયા ખાવાથી માંડીને બકવાસ સુધીની હરકતો જોવા મળે છે. આલ્કોહોલથી આત્મવિશ્વાસમાં તિવ્ર વધારો થાય છે. જો કે તે ટુંકાગાળા માટે હોય છે. આત્મવિશ્વાસ વધતા રાજાપાઠમાં આવી જાય છે. ઘણી વખત મનમાં ધરબાયેલી લાગણી કે વૃતિ બહાર આવતી હોતી નથી. દારૂ પીધા બાદ સમજ ઘટતા અને આત્મવિશ્વાસ વધતા ધરબાયેલી લાગણી બહાર આવી જાય છે. આ કારણે ઘણા પીને સાચું બોલવા માંડે છે. દારૂથી ક્ષણવાર માટે દુઃખ, તણાવ, નિષ્ફળતા વગેરેના ભાવો દૂર થાય છે તેથી મોજનો અહેસાસ થાય છે. આ મોજ આરોગ્યની પથારી ફેરવી નાખે છે.

### દારૂના દરિયા, રૂપિયાના ડુંગરા

અંગ્રેજીના શોખીનો માટે રૂ.૫૦૦-૭૦૦થી માંડીને જુદી-જુદી કિંમતોમાં બોટલ હાજર હોય છે. પોતાને સમૃધ્ધ અને સુધરેલા માનતા શોખીનો ૨૦-૩૦ હજારની બોટલ ગટગટાવતા હોય છે. વૈશ્વિક શોખીનો આવી બોટલને ગરીબોનું પીણું માને છે. મોંઘી બોટલને ચાખવી મોંઘી પડે, પણ તેને જાણવી જરૂરી છે. ડાલમોર-૬૨ વ્હીસ્કી વિશ્વની સૌથી મોંઘી છે. તેની એક બોટલની કિંમત કરોડથી વધારે છે. લોકલ સમૃધ્ધ ગણાતા શોખીને પોતાનું બધુ વેચી મારે ત્યારે ડાલમોરનો એકાદ પેગ પ્રાપ્ત થાય ! આ ઉપરાંત મેકલાન-૬૦ વ્હીસ્કીની એક બોટલની કિંમત લાખો રૂપિયા છે. હેન્રીડોગ્રોન, ટેકીલાલેય વગેરે વિશ્વની પ્રતિષ્ઠિત અને મોંઘા દારૂ ગણાય છે.

વિશ્વભરમાં દારૂની ૧૦ હજારથી વધારે બ્રાન્ડ છે. સ્થાનિક બ્રાન્ડસ પણ હજારોમાં છે. આલ્કોહોલિક પીણાના દરિયા ઘુઘવે છે, પણ રૂપિયાના ડુંગરા ખડકવા પડે. જૂનો દારૂ પણ મોંઘો ગણાય છે. તેના કારણો પણ જાણી લો. જુના દારૂમાં રાસાયણિક સંયોજનો થવાથી તેનો સ્વાદ સુગંધ જટીલ બને છે., આ દારૂ તિવ્રતામાં મૃદુ બની જાય છે. ઉપરાંત દુર્લભ હોય છે. આવા કારણોથી જૂના દારૂને મોંઘો ગણવાની પરંપરા બની ગઈ છે. નિષ્ણાંતો કહે છે કે બધો જૂનો દારૂ સારો ન માની લેતા. તેની ગુણવત્તા ચકાસીને પેગ મારજો.

### ઈતિહાસમાં ધુબાકોઃ

આલ્કોહોલ પ્રાચીનકાળથી હોવાનું મનાય છે. ૧૦ હાજર વર્ષ પહેલા પાષાણયુગમાં આલ્કોહોલિક પીણા બનાવાયા હોવાનું ઈતિહાસવિદ્દો માને છે. મધ્યયુગમાં આરબ રસાયણશાસ્ત્રોએ આલ્કોહોલને શુધ્ધ કરવાની પ્રક્રિયા શરૂ કરી. ૧૮ અને ૧૯મી સદીમાં દારૂનું મોટાપાયે ઉત્પાદન શરૂ થયું હતું.

ભારતમાં-ગુજરાતમાં અંગ્રેજી દારૂ અથવા વિદેશી દારૂ શબ્દો પ્રચલિત છે, તેનું કારણ એ છે કે આપણે દેશીની જ મોજ માણતા હતા. બ્રિટીશ શાસન દરમિયાન અંગ્રેજો ભારતમાં તેમનો દારૂ લાવ્યા હતા. તેને અંગ્રેજી કે વિદેશી દારૂ માનવાની પરંપરા થઈ ગઈ.

વર્તમાન સમયમાં પણ ગુજરાતમાં વિદેશી દારૂ ગણવામાં આવે છે, તેમાંથી અનેક પ્રોડકટસ ભારતમાં જ ઉત્પાદિત થાય છે.! વ્હીસ્કી, રમ, વોડકા, જીન વગેરે ભારતની ભૂમિમાં જ પ્રોડકશન થાય છે. આ દષ્ટિએ એ પણ દેશી જ ન ગણાય?

### સોમરસ દારૂ ન હતો

ઘણા પીવાના શોખીનો પોતાના મનને મનાવવા તર્ક કરે છે કે વેદોમાં પણ દારૂનો ઉલ્લેખ છે, પીવામાં વાંધો નહીં. વાસ્તવિકતા એ છે કે વેદમાં સોમરસનો ઉલ્લેખ છે, ઋગ્વેદ પ્રમાણે સોમરસ દેવોનું પ્રિય પીણું છે. આ પીણું સોમ નામની દિવ્ય વનસ્પતિમાંથી બનતું હતું. તેનાથી નશો ન ચઢે, પણ આ પીણાથી મનને શાંતિ અને શરીરને શક્તિ મળતી હતી. રહસ્યમય વનસ્પતિ સોમમાંથી બનતો સોમરસ સોનેરી રંગનો અને સ્વાદમાં થોડો કડવો અને ગળ્યો હોય છે. આલ્કોહોલિક પીણા મન અને શરીરની શક્તિ ઘટાડે, સોમરસ શક્તિ વધારતો હતો, તેથી દિવ્ય પીણું ગણાતું હતું. સોમરસની દારૂ સાથે તુલના કરવી એ વૈદિક ગૌરવનું અપમાન છે.

### કોથળીને પણ માણો, શબ્દોમાં !

બ્રાન્ડેડ અને બોટલમાં પેગ દારૂથી માંડીને સોમરસ જેવા દિવ્ય પીણાને જાણ્યા, પણ વર્તમાન સમયમાં લોકલ રગડા ગણાતા દેશી દારૂની ધૂમ મચી છે. ગુજરાત બોમ્બે રાજ્યનો ભાગ હતું ત્યારે ૧૯૪૯માં દારૂબંધી અમલમાં આવી હતી. ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦માં થઈ ત્યારે પણ દારૂબંધી ચાલું રાખવામાં આવી છે, હાલ બંધ છે પણ ઉપલબ્ધીનો પાર નથી. દેશી-વિદેશીઓની ધૂમ મચી છે.

એક અંદાજ પ્રમાણે દેશી ધમધોકાર ગટગટાવાય છે. ૨૦-૨૫ રૂપિયાની મળતી કોથળીમાં સામાન્ય રીતે ઈથેનોલ નામનો આલ્કોહોલ હોય છે. દેશોમાં આલ્કોહોલની ટકાવારીનું ઠેકાણું હોતુ નથી. બનાવવાની પ્રક્રિયા પણ વિધિવત ન હોવાથી મીથેનોલ નામનો ઝેરી આલ્કોહોલ બની જતો હોય છે. આ દારૂ પીવાથી અંધત્વથી માંડીને મોત સુધીની ગીફ્ટ મળે છે. અવારનવાર લઠ્ઠાકાંડ સર્જાય છે. તેનું આ કારણ છે.

### સ્ટ્રોંગ બનાવાના ખેલ

દેશી દારૂ સ્ટ્રોંગ બનાવવા કેમિકલ ઉમેરવામાં આવે છે. આ માટે યુરિયા ખાતર,નવસાર વગેરેનો પણ ઉપયોગ થાય છે. આવા દારૂનું સેવન અતિ જોખમી છે.

દેશી દારૂ ખૂબ સસ્તો હોવાનું કારણ મૂડીરોકાણ કે મશીનરીની જરૂર નથી, સસ્તો, હલ્કો, કાચો માલ વપરાય છે. તેનું ઉત્પાદન ગેરકાયદે છે. તેથી વેરા લાગુ પડતા નથી. બ્રાન્ડીંગ-માર્કેટીંગની જરૂર નથી. નિતી-નિયમો લાગુ પડતા નથી. માર્જીન પણ ઓછું રાખવામાં આવે છે. આ કારણે દેશી રગડો ખૂબ જ સસ્તો છે. પણ આરોગ્ય માટે મોંઘાદાટ સાબિત થાય છે.

### મહુડાની મોજ

મહુડો એક વનસ્પતિ છે.તેના ફુલમાંથી પરંપરાગત દેશી દારૂ બનાવવામાં આવે છે. મહુડામાં ૨૦ થી ૫૦ ટકા સુધી આલ્કોહોલનું પ્રમાણ હોય છે, તે સ્ટ્રોંગ ગણાય છે. આથો લાવવાની પ્રક્રિયા લાંબી ચાલે તેટલું આલ્કોહોલનું પ્રમાણ અને તિવ્રતા વધે છે. તેની સુગંધ પણ માદક હોય છે. મહુડો ઔષધિ છે, પણ તેનો દારૂ તિવ્રતમ સાબિત થઈ શકે છે.

### છેલ્લી ધારનો !

દેશી દારૂની છેલ્લી ધાર અતિ સ્ટ્રોંગ-નશીલી હોય છે. તેમાં આલ્કોહોલનું પ્રમાણ વધારે હોય છે. આ માટે દેશીના શોખીનોમાં છેલ્લી ધારનો શબ્દ પ્રચલિત બન્યો છે.

આલ્કોહોલની કથામાં છેલ્લી ધારનો શબ્દ એ છે કે, વિધિવત બનેલો , સ્ટાન્ડર્ડ, બ્રાન્ડેડ યોગ્ય પ્રમાણમાં તબીબી સલાહ લઈને પીવાય તો સ્વાસ્થ્ય માટે સારો છે. ગુજરાતમાં ગટગટાવવો હોય તો પીવાનું લાયસન્સ જરૂરી છે. દેશી વિદેશી આડેધડ પીધે રાખશો તો શાયર અંજાન ખોટા પડશે અને બોટલ પણ નાચતી દેખાશે. .. લાયસન્સ હોય તો પણ પીવું ફરજિયાત નથી એ યાદ રાખજો.

